# ગાંધીના

ક ખ ગ ઘ ચ છ જ ઝ
ટ ઠ ડ ઢ ણ ત થ દ ધ ન
પ ફ બ ભ મ ય ર લ વ
શ સ હ ળ

क ख ग घ च छ ज झ
ट ठ ड ढ ण त थ द ध न
प फ ब भ म य र ल व
श स ह ळ

A B C D E F G H
I J K L M N O P
Q R S T U V W
X Y Z

GJ
891.474
G 151 M

# ક-ખ-ગ

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# ગાંધીના ફૂલ-અ-ગ

સંપાદક

મહેન્દ્ર મેઘાણી

લોકમિલાપ ટ્રસ્ટ

અર્પણ

વત્સલ લોકશિક્ષક
બબલભાઈ મહેતાની
સ્મૃતિને

Library IIAS, Shimla
GJ 891.474 G 151 M
00130321

GJ
891.474
G 151 M

Acc. No. 130321
Date

રૂ. 4

100 નકલના રૂ. 300 : 1,000 નકલના રૂ. 2,500
[રવાનગી-ખરચ સહિત]

*

આવૃત્તિ 1 : નકલ 5,000
'ગાંધી સવાસો' : 1994

પ્રકાશક : ગોપાલ મેઘાણી
લોકમિલાપ ટ્રસ્ટ, પો.બો. 23 (સરદારનગર), ભાવનગર 364001
ફોન : (0278) 26402

મુદ્રક : અપૂર્વ આશર
ઈમેજ સિસ્ટમ્સ, અમદાવાદ 380009. ✆ 400 688

# સંપાદકનું નિવેદન

મહાન વિજયો મેળવનાર લડવૈયો તે પછીની સદીમાં કદાચ કોઈને ભાગ્યે જ યાદ આવે; પોતાના દેશવાસીથી અજાણ્યા રહેલા કોઈ સંતની તે પછીની પેઢીમાં પૂજા પણ થાય.

વીસમી સદીના પહેલા અરધા ગાળામાં કેટલાય વિજ્ઞાનીઓ અને રાજકર્તાઓ માનવજાતની કલ્પનાને અને તેના આત્માને સ્પર્શી ગયા. તેમ છતાં આ જમાનાનો યથાર્થ ઇતિહાસ જ્યારે લખાશે, ત્યારે આપણા યુગની એક સાચી સર્જનાત્મક પ્રતિભા તરીકે આઇન્સ્ટાઇન અને શ્વાઇત્ઝરની સમીપે ગાંધીનું સ્થાન અવશ્ય રહેશે. ગાંધીના જીવનકાળ દરમ્યાન જ જગતભરના લોકો પામી ગયા હતા કે તેઓ માત્ર વીસમી સદીના મહાન આગેવાનો પૈકી એક નહોતા, પણ યુગયુગો સુધી જેનું સ્થાન રહેવાનું છે એવા એક મનુષ્ય હતા.

દુનિયાના ઘણા નેતાઓનાં જીવન અને તેમના ઉપદેશો વચ્ચેનું અંતર ક્ષોભ પમાડે તેટલું મોટું હોય છે. પણ ગાંધીના તો જેવા સિદ્ધાંતો તેવું જ એમનું જીવન હતું.

ભવિષ્યની પેઢીઓ માટે જે મોટો વારસો ગાંધી મૂકી ગયા, તે એમનું ચિત્તભેદક જીવન અને એમની વેધક નૈતિક સૂઝ. ભારતના લોકોને પ્રથમ સ્વતંત્રતાને પાત્ર બનાવવામાં અને પછી તે સ્વતંત્રતા મેળવવામાં તેમને સહાય કરવાના પ્રયત્નમાં ગાંધીએ પોતાની જિંદગી ખરચી નાખી.

ગાંધીજીના જીવન અને સંદેશ મારફત તેમને રજૂ કરતાં તેમના પોતાનાં તથા તેમને બરાબર પિછાનનારાઓનાં લખાણો ચૂંટીને 500થી વધુ પાનાંનો એક સંચય 'ધ ગાંધી રીડર' 1956માં પ્રગટ કરનાર શાંતિવાદી અને ભારતપ્રેમી અમેરિકન લેખક હોમર જેક એ પુસ્તકની પ્રસ્તાવનામાં આમ કહે છે.

એવા જ હેતુ માટે સંયુક્ત રાષ્ટ્રોની યુનેસ્કો સંસ્થાએ 'ઓલ મેન આર બ્રધર્સ'ના નામનું ગાંધીજીનાં જ લખાણોનું એક સંકલન 1958માં અંગ્રેજીમાં બહાર પાડેલું અને વિવિધ ભાષાઓમાં તેના અનુવાદો મારફત ઘણા દેશોમાં તેનો ફેલાવો કરેલો. તેનું સુંદર સંપાદન ભારતની સાહિત્ય અકાદમીના ત્યારના મંત્રી કૃષ્ણ કૃપાલાણીએ કરી આપેલું. એ પુસ્તકની ગુજરાતી આવૃત્તિ 'આપણે સૌ એક પિતાનાં સંતાન' 1969ના ગાંધી શતાબ્દી વરસમાં નવજીવન પ્રકાશન મંદિર તરફથી પ્રગટ થઈ, તેના પ્રકાશકના નિવેદનમાં નોંધેલું છે તેમ —

ગાંધીજીની કામ કરવાની રીત એવી હતી કે પોતાને જે સાચું ને કરવા જેવું લાગે તે જાતે કરવા માંડવું. પછી પોતાનું કાર્ય બીજાઓને સમજાવવાને માટે પત્રવહેવાર, જરૂર પડે તો ભાષણ અને ચર્ચા કરવી. તેમના કાર્યનો ફેલાવો જેમ જેમ થતો ગયો, તેમ તેમ તેમણે એ કામને માટે અઠવાડિકો ચલાવ્યાં. તેમણે આ અઠવાડિકોને પોતાના પ્રજાજોગ સાપ્તાહિક પત્રો કહીને ઓળખાવ્યાં છે.

લગભગ છ દાયકા સુધી ગાંધીજી જે પત્રો સતત લખતા રહ્યા, ભાષણો

કરતા ગયા, લેખો-પુસ્તકો છપાવતા રહ્યા તે કદાચ આકાશના તારાની જેમ અગણિત હશે. તે બધાંમાંથી બને તેટલાં દેશ-વિદેશમાંથી ખંતભેર ખોળી ખોળીને સ્વતંત્ર ભારતની સરકારે તેની અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં ત્રણ ગ્રંથશ્રેણીઓ તૈયાર કરાવી. તે પૈકી અંગ્રેજીમાં 'ધ કલેક્ટેડ વર્ક્સ ઓફ મહાત્મા ગાંધી' શ્રેણી નેવું ખંડોમાં પૂરી પ્રકાશિત થઈ ગઈ છે; પછી તેના પાંચ પૂરવણી ગ્રંથો પણ છપાયા છે. એ બધાંના 45,000થી વધુ પાનાંમાં ચાર હજાર જેટલા જુદા જુદા વિશયો પરના ગાંધીજીના વિચારો પથરાયેલા છે. એમના લખાણ માટે કોઈ પણ વિશય ન તો બહુ મોટો રહેતો, ન તો બહુ નજીવો. એક જ વિશય પર ફરી ફરીને, જુદા જુદા સમયે, જુદી જુદી રીતે પોતાના વિચારો સતત પ્રગટ કરતા રહીને ગાંધીજી પ્રજા-ઘડતરનું જે મહાભારત કાર્ય કરી ગયા તેનો જોટો જગતના ઇતિહાસમાં ક્યાંક જ જડશે.

આટલાં બધાં વરસો સુધી આટલા બધા વિશયો ઉપર આટલું બધું ગાંધીજીએ લખ્યું અને છતાં એમની પોતાની ભાવના તો એવી જ હતી કે, "બહુ વાંચ્યું, બહુ વિચાર્યું, જ્યારે મારાથી ન જ રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે."

નાખી નજર પહોંચે ત્યાં સુધી જાણે કે મબલખ પાકની ફસલ આપણી સામે 'કલેક્ટેડ વર્ક્સ' અને ગુજરાતીમાં 'ગાંધીજીનો અક્શરદેહ'ની ગ્રંથશ્રેણી રૂપે પડેલી છે. તેમાંથી એકાદ ડૂંડા જેટલા દાણા અહીં ભેળા કરેલા છે. પેલા ચાર હજાર વિશયોમાંથી ઓછામાં ઓછા સવાસો તો એવા નીકળે જ કે જેને વિશેના ગાંધી-વિચારોની તારવણી આપતી નાની નાની પુસ્તિકાઓ 'ગાંધી સવાસો'ના આ વરસમાં પ્રજા પાસે મૂકી શકાય. ચડે છે ચાનક કોઈને ?

કિશોરલાલ મશરૂવાળા, કાકા કાલેલકર અને વિનોબા ભાવે જેવા ગાંધીજીના ઉત્તમ સાથીઓ આપણી લિપિને સરળ બનાવનારા કેટલાક ફેરફારોની હિમાયત વરસો સુધી કરતા રહેલા. તેવા કેટલાક લિપિ-સુધારા આ પુસતિકામાં અપનાવેલા છે, જેથી હજારો વાચકો તેનાથી બરાબર પરિચિત થાય અને તેની ઉપયોગિતા વિશે વિચાર કરી શકે. આ લિપિ-સુધારની સમજણ આપતી એક નોંધ પુસતિકાને અંતે મૂકેલી છે.

ગાંધીજીનાં લખાણોનો ઉપયોગ કરવા બદલ નવજીવન ટ્રસ્ટના આભારી છીએ.

વિનોબા જયંતી : 11 સપ્ટેમ્બર, 1994 — મહેન્દ્ર મેઘાણી

**અક્શર :** નઠારા અક્શર એ અધૂરી કેળવણીની નિશાની ગણાવી જોઈએ. દરેક નવયુવક અને યુવતી સમજે કે સારા અક્શર વિદ્યાનું આવશ્યક અંગ છે. સારા અક્શર શીખવાને સારુ ચિત્રકળા પ્રથમ શીખવી જોઈએ. બાળક જ્યારે ચિત્રો વગેરે કાઢતાં શીખે ત્યારે અક્શર કાઢતાં શીખે, તો તેના અક્શર છાપેલ જેવા થાય.

⁂

**અક્શરગ્નાન :** અક્શરગ્નાનનો સદુપયોગ પણ થાય અને દુરુપયોગ પણ થાય. જ્યારે આપણે નીતિનો મજબૂત પાયો નાખીએ, ત્યારે અક્શરગ્નાનનો સદુપયોગ કરી શકીએ ખરા. અક્શરગ્નાનના કરતાં ઘણી વાર વધારે જરૂર તો સચ્ચાઈ, સહનશીલતા, સમયસૂચકતા, હિંમત અને વ્યવહારબુદ્ધિની હોય છે. સ્વતંત્રતાને ખાતર નિરક્શર રહી રસ્તા પર પથ્થર ફોડવા, તે ગુલામીમાં રહીને અક્શરગ્નાન મેળવવા કરતાં સારું છે.

⁂

**અત્યાચાર, :** જેમણે અત્યાચાર સહન કર્યો હોય છે તેઓ પોતે તેમાંથી બચ્યા પછી, અત્યાચારપીડિતો પ્રત્યે સહાનુભૂતિ દાખવવાને બદલે બીજાઓ ઉપર અત્યાચાર ગુજારવામાં પ્રસન્નતા અનુભવે છે. જે માણસ જુલમમાં ઊછર્યો હોય, તે જ્યારે છૂટો થાય છે ત્યારે પોતાના દુખ્ખના દહાડા ભૂલી જઈ ઘાતકી થાય છે.

⁂

**અનુયાયી :** કોઈ ન કહે કે, હું ગાંધીનો અનુયાયી છું. મારો પોતાનો પણ હું કેવો નબળો અનુયાયી છું એ હું જાણું છું, કારણ હું મારી માન્યતાઓને અનુસરતું આચરણ કરી શકતો નથી. મનુશ્યના ગુણોનું અનુકરણ એ જ એની સાચી પૂજા છે. મેં જે કહ્યું છે તે નહિ, મેં જે કર્યું છે તે જ ટકશે. મારા મિત્રો મારા કાર્યક્રમનું પોતાના જીવનમાં સંપૂર્ણ પાલન કરીને, અથવા તો તે વિશે તેમની શ્રદ્ધા ન હોય તો મારો સંપૂર્ણ વિરોધ કરી જ, મને વધારેમાં વધારે માન આપી શકશે. મારું નામ ભૂલાઈ જાય એમ માગું છું. મારું કાર્ય રહે એમ ઇચ્છું છું. જો નામ ભુલાય તો જ કાર્ય રહે.

⁂

**અન્યાય :** મારો આત્મા એક પણ અન્યાયનો નિસ્સહાય સાક્શી બની રહેતો હોય ત્યાં સુધી સંતોશ માનવાની ના પાડે છે. પરંતુ હું એક નિર્બળ અને દુખ્ખી માનવી છું. તેથી પ્રત્યેક અન્યાયનું નિવારણ કરવાનું, અથવા મારા જોવામાં આવતા સઘળા અન્યાયના દોશથી મારી જાતને મુક્ત માનવાનું, શક્ય નથી. મારો ઇલાજ, અન્યાય કરનારને ઇજા પહોંચાડ્યા વિના, જ્યાં પણ અન્યાય દેખાય ત્યાં તેનું નિવારણ કરવાનો છે. જો લોકો એક વાર શીખી લે કે, આપણને અન્યાયી લાગે તે કાયદાને માન આપવું એ નામર્દાઈ છે, તો પછી આપણને કોઈનો જુલમ બંધન કરી શકતો નથી.

⁂

**અપૂર્ણ :** ઈશ્વરે મારા જેવા અપૂર્ણ મનુશ્યને આવા મહાપ્રયોગને માટે કેમ પસંદ કર્યો હશે ? પરમાત્માને હિંદુસ્તાનનાં કરોડો મૂંગાં અગ્નાન ગરીબોને માટે કામ લેવું હતું, એટલે તેણે મારા જેવા અપૂર્ણને પસંદ કર્યો. વધારે પૂર્ણ પુરુશને જોઈને એ બાપડાં કદાચ મૂંઝાઈ જાત. પોતાની જેમ ભૂલો કરનારા મને જોઈને તેમને વિશ્વાસ બેઠો કે પોતે પણ પોતાની ભૂલો સુધારી શકે અને આગળ વધી શકે. હું મારાં કમજોરમાં કમજોર અન્ય ભાઈભાંડુઓના જેવો જ છું, અને તેમની જેમ જ ભૂલો પણ કરી બેસું છું. હુંયે નબળાઈઓ તરફ ઢળું છું. હું જ્યારે કોઈ ભૂલ કરતા માણસને જોઉં છું, ત્યારે મારી જાતને કહું છું કે મેં પણ ભૂલ કરી છે; જ્યારે હું કોઈ વિશયાસક્તને જોઉં છું, ત્યારે મારી જાતને કહું છું કે હું એક વાર એવો હતો; અને આ રીતે જગતમાંના દરેકની સાથે હું નિકટતા અનુભવું છું. મારું મગજ નાનું છે. મેં ઝાઝું સાહિત્ય વાંચ્યું નથી. મેં બહુ દુનિયા પણ જોઈ નથી. માણસના નસીબમાં લખેલી બધી જ અગ્નિપરીક્શાઓમાંથી મારે પસાર થવું પડ્યું છે. મારી ખામીઓનું મને ઠીક દર્શન હોવાથી મેં તેને દૂર કરવા ભારે પ્રયત્નો કર્યા છે.

⁂

**અર્થ-અનર્થ :** મારા કહેવાનો મેં મારા મનમાં ગમે તેવો અર્થ રાખેલો હોય, છતાં તેની જે છાપ વાંચનાર અથવા સાંભળનારના મન ઉપર પડતી હોય તે જ અર્થમાં મેં મારું વચન કહ્યું, એમ મારે કબૂલ રાખવું જોઈએ. સામા પક્શે આપણા બોલનો જે અર્થ માન્યો, એ જ ખરો ગણાય; આપણા મનમાં હોય તે ખોટો અથવા અધૂરો. એવો જ બીજો સુવર્ણન્યાય એ છે કે, જ્યાં બે

અર્થ સંભવિત હોય ત્યાં નબળો પક્ષ જે અર્થ કરે તે ખરો માનવો જોઈએ. આ નિયમનું પાલન આપણે નથી કરતા, તેથી જ ઘણી તકરારો થાય છે.

મારી આખી જિંદગીમાં મારા કહેવાનો અનર્થ થવા વિશે મને નવાઈ નથી રહી. દરેક લોકસેવકની એ જ દશા છે. તેણે પોતાનું હૈયું કઠણ રાખવું ઘટે છે. દરેક અનર્થનો જવાબ આપવો પડે, તો જિંદગી વસમી થઈ પડે.

✼

**અસહકાર :** આપણો અસહકાર નથી અંગ્રેજો સાથે કે નથી પશ્ચિમ સાથે. પણ જે પ્રથા અંગ્રેજોએ હિંદુસ્તાનમાં દાખલ કરી છે તેની સાથે, ઈશ્વરશૂન્ય સુધારાની સાથે, તેમાંથી નીપજતા રાક્ષસી લોભ અને તેને લઈને થતા ગરીબોના મરાની સાથે આપણો અસહકાર છે. આપણો અસહકાર એ આપણી વૃત્તિઓને અંતરમુખ કરવાનો પ્રયાસ છે.

✼

**અસ્પૃશ્યતા :** આપણે દલિત વર્ગો પર શી શી વિતાડી છે અને હજી વિતાડી રહ્યા છીએ, એની કલ્પના કરી જુઓ. આપણે આપણા દલિત વર્ગો પ્રત્યે ચલાવેલા વર્તનને તો કદાચ દુનિયાના ધર્મોના ઈતિહાસમાં ક્યાંય જોટો નથી. જે પ્રથાથી હિંદુઓનો મોટો ભાગ પશુના કરતાં પણ અધમ સ્થિતિએ ઊતરી પડ્યો છે, તે પ્રથાને વિશે મારા રોમેરોમમાં ઘૃણા વ્યાપેલી છે. આપણા અંત્યજ ભાઈઓને આપણે અધમ બનાવ્યા છે, અને તેમની ઉન્નતિની વિરુદ્ધ તે અધમતાને કારણ ગણતાં આપણે શરમાતા નથી. હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતાને ધર્મ માન્યો નથી. અને જો માનેલો હોય તો હિંદુ ધર્મ મારે માટે નથી. અસ્પૃશ્યતા હિંદુ ધર્મમાં પેસી ગયેલો સડો છે, પાપ છે. તેણે ધર્મને બહાને કરોડોની સ્થિતિ ગુલામના જેવી કરી મૂકી છે. એ સડો કેવળ ઢેડભંગી ગણાતાં વિશે જ દાખલ થઈ ગયો છે, એમ નથી. સડાનો સ્વભાવ છે કે પ્રથમ રાઈના દાણા જેટલો લાગે છે, પછી પહાડનું સ્વરૂપ પકડે છે; તેમ અસ્પૃશ્યતાનું છે. આ આભડછેટ વિધર્મી પ્રત્યે આવી છે, અન્ય સંપ્રદાયો પ્રત્યે આવી છે, એક જ સંપ્રદાયની વચ્ચે પણ પેસી ગઈ છે.

✼

**અહિંસા :** દુનિયામાં આટલા બધા માણસો હજુ છે એ જણાવે છે કે દુનિયાનું બંધારણ હથિયારબળ ઉપર નથી પણ સત્ય, દયા કે આત્મબળ ઉપર છે.

લાખો માણસો પ્રેમવશ રહી પોતાનું જીવન ગુજારે છે. સેંકડો પ્રજાઓ સંપથી રહેલી છે.

અહિંસા એટલે સૂક્ષ્મ જંતુઓથી માંડીને મનુષ્ય સુધી બધા જીવો પ્રત્યે સમભાવ. એ વ્રતનો પાલક ઘોર અન્યાય કરનાર પ્રત્યે પણ પ્રેમભાવ રાખે, પણ અન્યાયીના અન્યાયને વશ ન થાય, અન્યાયનો વિરોધ કરતાં તે જે કશ્ટ આપે તે ધીરજપૂર્‌વક સહન કરે.

અહિંસા અને સત્યનો હું સ્વદેશ અને સ્વધર્‌મને ઉગારવા ખાતર પણ ભોગ નહિ આપું. એનો અર્‌થ જ એ છે કે સત્ય અને અહિંસાને ભોગે સ્વદેશ અને સ્વધર્‌મનું કલ્યાણ નથી સંભવતું.

❊

**અહિંસા—2 :** પોતાના સ્વમાનનું, આવડે તો અહિંસક રીતે નહિ તો હિંસક રીતે, રક્શણ કરવું એ માણસનો જન્મસિદ્‌ધ હક છે અને તેની ન ટાળી શકાય એવી ફરજ છે. આપણને આપણા પંડની, આપણાં સ્ત્રીપુત્રાદિની અને આપણાં મંદિરોની રક્શા અહિંસાથી એટલે જાતે દુખ્ખ સહીને કરતાં ન આવડતી હોય તો, અને આપણે મરદ હોઈએ તો, છેવટે લડીને પણ એ બધાંની રક્શા કરતાં આપણને આવડવું જ જોઈએ. આખી પ્રજા નામર્‌દ બને તેના કરતાં હિંસા કરવાનું જોખમ ખેડવાનું હું હજારગણું બહેતર લેખું. મારી અહિંસામાં નામર્‌દાઈને જરાયે અવકાશ નથી. હિંસા કરનાર માણસ કોક દિવસે અહિંસક થશે, પણ નામર્‌દને માટે તો આશા જ નથી.

અહિંસાની કઠણ કળા લોકોને શીખવવામાં હું તદ્‌દન નિશ્ફળ નીવડ્યો છું.

❊

**અંગ્રેજ :** હિંદુસ્તાન અંગ્રેજે લીધું, એમ નથી; પણ આપણે તેને દીધું. આપણા દેશમાં તેઓ અસલમાં વેપાર અર્‌થે આવ્યા. તેઓનો માલ કોણ વેચી આપતું ? આપણે જ તે બધું કરતા. પૈસો જલદી મેળવવાના હેતુથી આપણે તેઓને વધાવી લેતા. મને ભાંગ પીવાની આદત હોય અને વેચનારો મને ભાંગ વેચે, તેમાં મારે વેચનારનો વાંક કાઢવો કે મારો પોતાનો ? અંગ્રેજોનો દોશ કાઢવો વ્યર્‌થ છે. તેઓ આપણે વાંકે આવ્યા, આપણે વાંકે રહ્યા છે, ને આપણો વાંક દૂર થયે જશે અથવા બદલાશે. આપણી ગુલામીને માટે પાપ સાથેની આપણી આપખુશીની ભાગીદારી જેટલી જવાબદાર છે, તેટલાં જવાબદાર બ્રિટિશ તોપ

અને સંગીનો નથી. હિંદમાંના એકેએક અંગ્રેજને મારી નાખવામાં આવે, તેથી હિંદની કરોડોની જનતાની બૂરી હાલતમાં જરાસરખો પણ ફેર પડનાર નથી.

જ્યારે સાહેબી ભોગવવી હોય ત્યારે [અંગ્રેજ] તેમાં દીપી નીકળે છે; તેની ગરીબાઅીમાં દીપે છે. બીજાઓના સુખની અુપર પોતાના સુખનો આધાર છે, તેમ સમજીને વર્તે છે. સૌ પોતપોતાનું કાર્ય કર્યા કરે છે. આવી જે પ્રજા છે, તે કેમ રાજ્ય ન કરે ?

⁂

**આગેવાન :** આપણે ટોળાશાહી ટાળવા માગતા હોઅીએ તથા દેશની વ્યવસ્થિત પ્રગતિ થાય એમ અિચ્છતા હોઅીએ તો, જેઓ આમજનતાને દોરવાનો દાવો કરે છે તેમણે તેનાથી દોરાવાનો મક્કમપણે અિન્કાર કરવો જોઅીએ. એટલું જ નહિ, અત્યંત મહત્ત્વની બાબતોમાં આગેવાનોને સમુદાયનો અભિપ્રાય યોગ્ય ન લાગે તો તેમણે તેની વિરુદ્ધ જઅીને પણ કાર્ય કરવું જોઅીએ.

⁂

**આચરણ :** આપણી જીભ બોલે તેના કરતાં આપણાં આચરણોને બોલવા દેવાં. ગુલાબ કંઅી કહેતું નથી કે, આવો અને મને સૂંઘો. તમારી જીભ કરતાં તમારું આખું જીવન વધારે જોરથી બોલી અૂઠશે.

⁂

**આપત્તિ :** દુઃખ ડહાપણ શીખવે છે. આપત્તિને કસોટી સમજી વિચાર કરીએ કે પડતી આફતો પરથી વાજબી ધડા લઅીએ છીએ કે નહિ. આફતમાં નાહિંમત થવું મરદને છાજે નહિ. અગ્રેસરોએ પોતાની ફરજ આવે બારીક સમયે એવી હિંમતથી અદા કરવી જોઅીએ કે નાસીપાસ થયેલા માણસોને ફરી જોસ ચઢે, અને અંતે ફતેહ થયા વગર રહે નહિ. જેમ જેમ સોનું તપાવે તેમ ચોખ્ખું થતું જાય, ચંદન ઘસો તેમ સુગંધ પથરાઅી રહે, તેમ માણસને વિપત્તિ પડતી જાય તેમ તેમ તેનું પાણી જણાતું જાય.

⁂

**અીશ્વર :** સર્વસમર્થ અને સર્વવ્યાપી અીશ્વર એક જ છે. તેનાં નામો અનેક છે. આપણને જે સૌથી વધારે જાણીતું હોય, તે નામથી આપણે તેને ઓળખીએ છીએ. જે રામની આપણે પ્રાર્થના કરીએ છીએ તે રામ, અયોધ્યાના રાજા દશરથનો પુત્ર નથી. તે સૌનો છે. તેના પર સૌનો સરખો હક છે. જેને જે

રુચે તે નામ લે. રામ કરતાં રામનામ મોટું છે. ખ્રિસ્તીને એ જ આશ્વાસન ઈશુનું નામ લેતાં ને મુસલમાનને અલ્લાના નામમાંથી મળે. મારે મન ઈશ્વર એ સત્ય અને દયા છે, નીતિ છે, અભય છે. ઈશ્વરને નામે હળાહળ અનાચાર થાય તેથી ઈશ્વરને કંઈ બાધ આવતો નથી. તે અત્યંત ક્ષમાવાન છે. તે સહનશીલ છે. પણ તે ભયંકરેય છે. આ લોકમાં તથા પરલોકમાં પાઈએ પાઈનો હિસાબ લેનાર એના જેવો કોઈ નથી. અજ્ઞાનનો બચાવ એની પાસે ચાલતો નથી. પણ તે સદાય આપણને પશ્ચાત્તાપ કરવાની તક આપે છે. સ્વતંત્રતાનો પક્ષપાતી એના જેવો એકે નથી. કારણ, સત્ તથા અસત્‌ના વિવેક વિશે તે આપણને પૂરેપૂરી સ્વતંત્રતા આપે છે. પણ જેને ઈશ્વરનો ઇન્કાર કરવો હોય તેને તેમ કરવાનોય અધિકાર છે. તે દયાળુ તો કહે છે : “ભલે, મારો સૂરજ તો તમારે સારુયે તપશે, મારો મેઘ તમારે સારુયે વરસશે.”

⁂

**ઉદ્ધાર :** હિંદુસ્તાનને સારું કરવાનો આપણો મનોરથ નથી, પણ આપણે સારા થવાનો મનોરથ છે. તે જ મનોરથ હોઈ શકે. બાકી બધું ખોટું છે. હિંદુસ્તાનના ઉદ્ધારનો ભાર નકામો માથે ન ઊંચકજો. તમારો પોતાનો જ ઉદ્ધાર કરજો. એટલો ભાર ઘણો છે. તમે જ હિંદુસ્તાન છો, એમ જાણવામાં આત્માની પ્રૌઢતા રહેલી છે. તમારો ઉદ્ધાર હિંદુસ્તાનનો ઉદ્ધાર છે. બાકી તો આળપંપાળ છે. તમને રસ લાગે તો મચ્યા રહેજો. બીજાની ફિકર તમારે ને મારે કરવાની જરૂર નથી રહેતી. બીજાની ફિકર કરતાં આપણે આપણું ભૂલી જઈ બધું ખોઈશું. તમે કેટલાંક સારાં કામ કર્યાં છે, એની પ્રશંસાથી ફુલાશો નહિ; પ્રશંસાથી ભાગતા રહેજો. ઘણું કરી નાખ્યું એમ ન માનજો. તમારે અંતરજીવન સુધારવાનું છે, અંતરાત્મા પાસેથી ખરું પ્રમાણપત્ર મેળવવાનું છે. અંતરનાદ સાંભળવા માટે અંતરકાન જોઈએ, અંતરચક્ષુ જોઈએ, અને તે મેળવવા સંયમ જોઈએ.

⁂

**ઉપભોગ, ઉપયોગ :** આપણે બધા જે ભણેલાગણેલા કહેવાઈએ છીએ, તે જાતમહેનતથી ઉત્પન્ન કરી શકીએ તેનાથી બહુ વધારે પદાર્થોનો ઉપભોગ કરીએ છીએ, અને વધારે પડતો સંગ્રહ કરી રાખીએ છીએ. એટલે આપણે દુનિયામાં તંગી ને કંગાળિયત, અને તેને પરિણામે પાર વિનાના ઝઘડા, પેદા કરીએ છીએ તથા સમાજમાં ઊંચનીચના ભેદ ઊભા કરીએ છીએ. માલનું ઉત્પાદન કરવાની આજની પદ્ધતિમાં કુદરતી સાધનસંપત્તિનો આપણે વધારે

પડતો નાશ કરીએ છીએ, એમાં આજની પેઢી પોતાના લોભને ખાતર ભવિશ્યની પેઢીના મોંમાંથી કોળિયો ઝૂંટવી લે છે.

સંયમીના અને સ્વચ્છંદીના જીવન વચ્ચે ભેદ ચોખ્ખો તરી આવવો જોઈએ. આંખનો અુપયોગ બન્ને કરે. પણ બ્રહ્મચારી દેવદરૂશન કરે, ભોગી નાટકચેટકમાં લીન રહે. કાનનો અુપયોગ બન્ને કરે. પણ એક ઓીશ્વરભજન સાંભળે, બીજો વિલાસી ગીતો સાંભળવામાં મોજ માણે. બન્ને જમે. પણ એક શરીરરૂપી તીરૂથક્શેત્રને નભાવવા પૂરતું દેહને ભાડું આપે, બીજો સ્વાદને ખાતર દેહમાં અનેક વસ્તુઓ ભરી તેને દુરૂગંધિત કરી મૂકે.

❊

**અુપવાસ :** સામાન્ય રીતે અુપવાસ રૂપે સત્યાગ્રહ કુટુંબી, મિત્ર વગેરે અંગત રીતે પરિચિત મંડળ સામે જ કરી શકાય. એ જ પ્રમાણે, પૂરૂવે એને હાથે થયેલી સેવાથી જે સમાજનો એ [પોતે] આદરપાત્ર બનેલો હોય, એ સમાજના અન્યાય સામે અુપવાસરૂપે સત્યાગ્રહ કરી શકાય. અુપવાસ હંમેશ જે પોતાની અુપર પ્રેમ રાખતા હોય તેમની સામે જ કરી શકાય. વિરોધીનો મત ફેરવવા માટે અુપવાસ યોગ્ય સાધન ન ગણાય. તંત્ર સામેના સત્યાગ્રહમાં અુપવાસ એ છેવટનું પગલું છે. જ્યારે સત્યાગ્રહી પરાધીન સ્થિતિમાં હોય અને સત્યાગ્રહના બીજા કોઓી પણ અુપાય લેવા એને શક્ય ન હોય, તથા તંત્ર દ્વારા થતો અધરૂમ એવો હોય કે એ સહન કરતાં જીવવું એ કેવળ સત્ત્વહીન દશાનું જીવતર બને, ત્યારે જીવન છોડવાની તૈયારીથી જ એ અનશન શરૂ કરે.

જે માન્યતાને માણસ પોતાનો ધરૂમ ગણતો હોય, તે બીજાના અુપવાસને કારણે માણસે છોડવી ન જોઈએ. મારી સામે લાખ માણસ અુપવાસ કરે તો પણ જેને હું મારો ધરૂમ ગણતો હોઅું તે વસ્તુ ન છોડું.

❊

**કવિ :** આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે તે કવિ છે. કવિ હંમેશા પોતે આપેલા સિદ્ધાંતોનું મહત્ત્વ સંપૂરૂણતાએ ભાશામાં મૂકી શકે છે, એમ નથી હોતું. એમાં કાવ્યનો અને કવિનો મહિમા છે. કવિના અરૂથનો અંત જ નથી. મહાવાક્યોના અરૂથનો વિકાસ થયા જ કરે છે.

❊

**કશ્ટ :** મારા દેશભાઓીઓની અુપર કશ્ટ પડતાં અટકાવવા કરતાં માનવી

સ્વભાવને પશુસ્વભાવ બનતો અટકાવવાની મને વધારે ચિંતા છે. મારા પોતાના લોકોનાં કશ્ટો જોઈને તો હું અનેક વાર હર્ખઘેલો થઈ ગયો છું. જે લોકો સ્વેચ્છાએ કશ્ટ સહે છે તેઓ પોતાને અને આખી માનવજાતિને ચડાવે છે. પ્રજાને પ્રાણસમાન એવી વસ્તુઓ કેવળ સમજાવટથી મળતી નથી, પણ કશ્ટસહનની કિંમત ચૂકવી ખરીદવી પડે છે. આપણે કંઈક ખરેખરું કામ કરાવવું હોય તો બુદ્ધિને સંતોશીએ એટલું બસ નથી, હ્રદયને પણ હલાવવું જોઈએ. હ્રદય સુધી સોંસરું પહોંચવાને તો સહનશક્તિ જ જોઈએ. એ માણસનાં અંતરનાં દ્વાર ખુલ્લાં કરે છે. કશ્ટસહનમાં વિરોધીનો હ્રદયપલટો કરવાની અને તેના કાન, જે બીજી રીતે બુદ્ધિના અવાજ સામે બંધ રહે છે તે, ઉઘાડવાની શક્તિ રહેલી છે. ક્રોધરહિત, દ્વેશરહિત કશ્ટસહનના ઊગતા સૂર્ય સામે કઠણમાં કઠણ હૈયું પીગળવું જ જોઈએ અને જડમાં જડ અગ્નાન દૂર થવું જોઈએ. પ્રજાની મુક્તિનો આધાર ત્યાગશક્તિ ઉપર છે. કોઈ પણ દેશ, તેના લોકો મુસીબતો વેઠે નહિ અને સ્વાર્થત્યાગ કરે નહિ ત્યાં સુધી મહાન થઈ શક્યો નથી. આપણે ઘણી વાર હિંદીઓને પડતી મુસીબતોની વાત કરીએ છીએ. પરંતુ અંતે તો હિંદીઓની મુક્તિ અંદરથી આવવાની છે, અને તે ત્યારે જ બનશે જ્યારે હિંદીઓની ઊગતી પેઢી તેમની ફરજ સમજવા અને મુસીબતો વેઠવા તૈયાર થશે.

❊

કળા : સર્વોત્કૃશ્ટ કળા સર્વભોગ્ય હશે. અને સર્વભોગ્ય કળા બાહ્ય સાધનથી વધારેમાં વધારે મુક્ત હશે તો જ તે સર્વભોગ્ય થવાની. એ નિર્દોશ, સર્વભોગ્ય કળાને મનુશ્યના આધ્યાત્મિક વિકાસમાં મોટું સ્થાન છે. પણ મનુશ્યના જીવનમાં એવો પણ સમય આવે છે કે જ્યારે એ ઇંદ્રિયભોગ્ય કળાની પાર જાય છે. ચંદ્ર અને અગણિત તારાથી પ્રકાશતું નભોમંડળ જોઈને જે જગત્કર્તાની લીલામાં તલ્લીન થઈ શકે છે, તેને ચિતારાએ ચીતરેલ નભોમંડળ જોવાની જરૂર નથી રહેવાની. અને નભોમંડળનું ઉત્તમ ચિત્ર ગરીબમાં ગરીબને નથી મળી શકવાનું, જ્યારે સ્રુશ્ટિનું નભોમંડળ તેને મળી રહેશે. કળા જેટલે અંશે સામાન્ય માણસના કામમાં આવશે, તેટલે જ અંશે તે શુભ કહેવાશે. જીવન સૌ કળાથી અદકું છે. જેણે ઉત્તમ જીવી જાણ્યું, તે જ ખરો કળાકાર. કળાની કિંમત જીવનને ઉન્નત બનાવવામાં રહેલી છે.

❊

કામ : મેં જીવનમાં કેટલીક વસ્તુઓ પર મારું લક્ષ્ય કેંદ્રિત કર્યું છે, અને એ સિવાય મને બીજો રસ નથી. જે કાર્ય હાથમાં લીધું હોય તેનું ચોવીસે કલાક રટણ કરવું, જેટલે અંશે બને તેટલે અંશે તેને સુવ્યવસ્થિત કરવું, તેમાં બધું આવી જાય છે. મોલ તો ભરચક છે, પણ કાપણી કરનાર થોડા છે. કાર્યકરોના અભાવે ઘણાં કામ કરવાનાં પડી રહ્યાં છે. અને તેમાંનું દરેક કામ કરવાનું ખૂબ જ આવશ્યક છે.

અપરિગ્રહનો આદર્શ રાખનાર માણસ બીજાની મહેનતનો નછૂટકે જ ઉપયોગ કરશે. પોતાનો ખોરાક રાંધવો, કપડાં ધોવાં, મળમૂત્ર સાફ કરવાં, વાસણ માંજવાં, કચરો વાળવો વગેરે પોતાનાં રોજનાં અંગત કામો જાતે ન કરવામાં માન કે પ્રતિષ્ઠા છે એવું સમજી, એ બીજાની પાસે નહિ કરાવે. પણ પોતાની અશક્તિને પરિણામે, અથવા પ્રેમને પરિણામે અથવા પોતાના સાથીઓ સાથે ઉપાડેલાં કામોમાં સગવડની દ્રષ્ટિએ ઊપજેલા શ્રમવિભાગથી એ એવી સેવા સ્વીકારશે. એમાં અમુક કામ મોટું, અમુક અલ્પ, અમુક કામ કરનાર કેવળ એના કામના પ્રકારને લીધે જ માનને લાયક અને બીજો તુચ્છ, એવા ભાવની ગંધ પણ ન હોય.

※

કેળવણી : હિંદુસ્તાનની 85 ટકા વસતી સીધી કે આડકતરી રીતે ખેતી ઉપર જીવન નભાવે છે; આથી એમની કેળવણી એમને સારા ખેડૂત કરવાની અને ખેતીની આજુબાજુ નભતા ધંધાઓનું જ્ઞાન આપવાની દ્રષ્ટિથી યોજાવી જોઈએ. કેળવણીથી નિર્વાહનો પ્રશ્ન ઉકેલાવો જોઈએ. પ્રજાના નિર્વાહના પ્રશ્નનો ઉકેલ શોધ્યા વિના "સંસ્કારો આપવાની કેળવણી" કે "ઈશ્વરનું જ્ઞાન આપવાની કેળવણી"ની વાતો વ્યર્થ છે. જેનો આપણને સદાય ઉપયોગ છે તે શરીરનું, આપણા ગામનું, ખેતરનું, ખેતરોની વનસ્પતિનું જ્ઞાન સારું હોવું જોઈએ. તેના પાયા ઉપર રચાયેલું બીજું જ્ઞાન આપણને કામ આપી શકે છે. જે હિંદી યુવકોને કાંઈ પણ કેળવણી મળી છે તેઓ પોતાનાં માતાપિતા જેઓ ઘણાંક પોતે અભણ હશે, તેમના ઋણી છે. તેના બદલામાં હવે આ યુવકોએ, જે દેશબંધુઓને કેળવણીની જરૂર છે તેમને અર્થે શું કરવું જોઈએ ? આપણે પહેલી જરૂર તો કેળવણીના કાર્યને નિસ્સ્વાર્થ ભાવે આત્મસમર્પણ કરનાર સંખ્યાબંધ યુવાનોની છે.

※

**કોમી કજિયા :** જ્યારે માણસનું લોહી ઊકળે છે ત્યારે, અને કુવિચારની આણ વર્તી રહે છે ત્યારે, માણસ પશુની માફક વર્તે છે — પછી એ પોતાને હિંદુ કહેવડાવનારો હોય, મુસલમાન કહેવડાવતો હોય, કે બીજો કંઈ હોય. સંકટની વેળાએ આપણે વધુ કુશળતાપૂર્વક સામા થઈ શકીએ, એટલા ખાતર પણ આપણે આપણા જુસ્સાને અંકુશમાં રાખતાં શીખવું જરૂરી છે. એ દ્વારા આપણે આપણા સામુદાયિક શરીરબળનો વધુ સારો ઉપયોગ કરતાં શીખીશું. અત્યારે તો આપણે એ બળ કેવળ આપસમાં લડી મરવામાં જ વેડફી રહ્યા છીએ. બંને કોમ વચ્ચે આટલી તો સમજૂતી હોવી જ જોઈએ કે, ગમે તેમ થાય તો પણ એકેય પક્ષ કાયદો પોતાના હાથમાં ન જ લે, પણ કજિયાના બધા મુદ્દા પંચ પતાવે, અગર તો અદાલતમાં જાય. કોમના થોડા પણ વિચારવાન માણસોએ પંચનું તત્ત્વ લોકપ્રિય અને ફરજિયાત કરીને ઝઘડા અશક્ય કરી મેલવા જોઈએ. જો હિંદુઓ જુદી જુદી કોમો વચ્ચે એકતા ઇચ્છતા હોય, તો નાની કોમો પર વિશ્વાસ રાખવાની હિંમત તેમણે કેળવ્યે જ છૂટકો છે. બધી સમજુતીઓ હમેશા ત્યારે જ થાય કે જ્યારે બહુમતીવાળો પક્ષ નાના પક્ષના જવાબની રાહ જોયા વિના પહેલ કરે.

⁂

**ક્રોધ :** કડવા અનુભવોમાંથી, ક્રોધને દાબી દેવો એટલી એક અગત્યની વાત હું શીખ્યો છું. દાબી રાખેલી ઉષ્ણતામાંથી જેમ શક્તિ પેદા થાય છે, તેમ સંયમમાં રાખેલા ક્રોધથી પણ એવું બળ પેદા કરી શકાય કે જે સારા જગતને હચમચાવી નાખે.

⁂

**ખોડ :** માણસજાતમાં એવી ખાસિયત રહેલી છે કે પોતાનામાં ખોડ હોય એવી બીજામાં શોધી કાઢવી અને પછી બીજાઓમાં તેવી ખોડ છે એમ જાણીને સંતોશ માની લેવો.

⁂

**ગરીબી :** હિંદની અધપેટે રહેનારી આમપ્રજા કેવી ધીમે ધીમે મૃતપ્રાય થતી જાય છે, એની શહેરના રહેનારાઓને ભાગ્યે જ ભાળ છે. તેઓને ખબર નથી કે તેમને ભોગવવા મળતા ક્ષુદ્ર એશઆરામ, તેઓ હિંદને ચૂસનારા પરદેશી મૂડીદારોનાં ઘર ભરવા જે મહેનત કરે છે તેની દલાલી સિવાય બીજું કશું નથી.

અને પેલાઓનો બધો નફો તેમજ આમની દલાલી બંને હિંદની ગરીબ પ્રજાને નિચોવીને કાઢેલાં હોય છે. હિંદનાં ગામડાંઓ પોતાનાં ચાલતાં-બોલતાં હાડપિંજરોથી આજે જે પુરાવો નરી આંખને પણ આપી રહેલ છે, તેને આંકડા-અહેવાલોનાં ચાહે તેવાં માયાવી કોશ્ટકોથી ઉડાવી દઈ શકાય તેમ નથી. મારા મનને છાંટાભર પણ શંકા નથી કે ઈશ્વર જેવો કોઈ માલિક દુનિયાને માથે હોય, તો તેના દરબારમાં ઇંગ્લંડને તેમજ હિંદુસ્તાનનાં આ બધાં શહેરોમાં વસનારાઓને, બેઉને, ઇતિહાસમાં કદાચ જેની જોડ ન મળી શકે એવા માનવજાતિ સામેના આ ગુના માટે જવાબ દેવો પડશે.

※

**ગરીબો :** જેને ખાવાનું નથી, પીવાનું નથી, પહેરવાનું નથી, તેને ખાતા-પીતા કરવા, ઉદ્યમી કરવા, તેને ઓઢાડવા — તેમાં ફાળો આપવો એ આપણી પ્રતિગ્ના છે. એ પ્રતિગ્નાનું પાલન ન કરો ત્યાં સુધી તમારે માથે કરજ રહેલું છે. ગમે તે થાય તો પણ ચીંથરેહાલનો તો મારાથી કદી ત્યાગ ન જ થઈ શકે. મને ચાહનારા સૌની પાસે હું એ માગું છું કે તમે મારે માટે પ્રેમ ધરાવો છો, તો જેમને માટે હું પ્રેમ ધરાવું છું તે ગામડાના લોકો અન્નવસ્ત્ર વિના ન રહે એવી કોશિશ કરો. હું તમને એક તાવીજ આપીશ. જ્યારે જ્યારે તમને કશી શંકા જાય ત્યારે તમે જોયો હોય તેવો સૌથી દીન અને સૌથી દુરબળ ચહેરો યાદ કરો, અને તમારી જાતને પૂછો કે તમે જે પગલું લેવાનો વિચાર કરો છો તે એને કોઈ પણ રીતે ઉપયોગી થવાનું છે ? એનાથી એને કશું પ્રાપ્ત થશે ખરું ? એથી એ પોતાના જીવન અને ભાગ્ય ઉપરનો કાબૂ પાછો મેળવી શકશે ?

આપણા દેશમાં ગરીબીનું પણ એક પ્રકારનું ગૌરવ છે. અહીં ગરીબ પોતાની ગરીબીથી શરમાતો નથી. પોતાની ઝૂંપડીને તે ચાહે છે, તે વિશે અભિમાન પણ રાખે છે. ભૌતિક પદારથોની માલિકીની બાબતમાં ગરીબ હોવા છતાં, તે દિલનો દરિદ્રી નથી. સંતોશ તેની સંપતતિ છે.

※

**ગાય :** ગાય એ હિંદુસ્તાનની રક્શા કરનારી છે, કેમ કે તેની પ્રજા ઉપર હિંદુસ્તાન, જે ખેતીનો મુલક છે તેનો આધાર છે. સેંકડો રીતે ગાય એ ઉપયોગી પ્રાણી છે. હું ગાયને પૂજું છું. પણ જેમ હું ગાયને પૂજું છું, તેમ હું માણસને પણ પૂજું છું. જેમ

ગાય અુપયોગી છે તેમ માણસ પણ — પછી તે મુસલમાન હોય કે હિંદુ — અુપયોગી છે.. ત્યારે શું ગાયને બચાવવા હું મુસલમાનને મારીશ ? એટલે ગાયની રક્શા કરવાનો અુપાય એક જ છે કે, મારે મારા મુસલમાન ભાઅીની પાસે હાથ જોડવા ને તેને દેશની ખાતર ગાયને અુગારવા સમજાવવું. જો તે ન સમજે — તો મારે ગાયને જતી કરવી, કેમ કે તે મારા અખત્યારની વાત નથી. મને જો ગાયની દયા આવતી હોય તો મારે મારો પ્રાણ દેવો, પણ કંઅી મુસલમાનનો પ્રાણ લેવો નહિ. જો હું વાદ કરું તો મુસલમાન પણ વાદ કરશે. જો હું વેંત નમીશ તો તે હાથ નમશે. મુસલમાનો શૂરા છે, અુદાર દિલના છે.

*

**ગુરુ** : ગુરુ મેળવવાને માટે મોટી લાયકાત જોઅીએ છે. જેને એ લાયકાત મળી રહે છે તેની પાસે ગુરુ ચાલીને આવે છે. મારામાં એ લાયકાત નથી. જે ગુરુ થાય તેનામાં [પોતે] શિશ્યને જે કામ સોંપે તે કરવાની શક્તિ [તેને] આપવાની કળા હોવી જોઅીએ.

*

**ચોખ્ખાઅી** : સામાન્ય રીતે મંદિરોમાં ચોખ્ખાઅી રાખવામાં આવે છે. આપણી માન્યતા તો એવી છે કે દરેક સ્થાન મંદિર છે. એક પણ ખૂણો નથી કે જ્યાં અીશ્વર નથી. તેથી આપણે મન તો શયનગ્રુહ, ભોજનગ્રુહ, પુસ્તકાલય, પાયખાનું આ બધાં મંદિર છે ને મંદિરની જેમ સ્વચ્છ રહેવાં જોઅીએ.

આપણું મહામંદિર આપણાં શરીર છે. તેમાં કંઅી મેલ બહારથી ન ભરીએ. મનને કુવિચારોથી મલિન ન કરીએ. આપણી સફાઅી અંતરની અને બહારની બેઅુ હોવી જોઅીએ. અંતરની સફાઅી એટલે સચ્ચાઅી. સચ્ચાઅી એ જ મોટામાં મોટી પવિત્રતા, એ જ સુઘડતા.

માત્ર પોતાના આચાર ચોખ્ખા રાખવાથી સંસ્કારી થવાતું નથી. પોતે જેને અશુદ્ધ આચાર ગણતા હોય તે આચરવાની બીજાને ફરજ પડે એમ વર્તવું, એ પણ અસંસ્કારિતાની નિશાની છે. પોતાને સંસ્કારી ગણતા વર્ણો અસ્પ્રુશ્યોને પોતાનું એઠું કે અશુદ્ધ થયેલું આપે, એ અસંસ્કારિતા તેમજ પાપ છે.

*

**જીવન** : માનવ જીવન સીધી લીટી જેવું સરળ નથી હોતું. જીવનનું નિયમન અનેક બળો કરે છે. માણસ પોતાની કાર્યદિશા કોઅી એક સર્વસામાન્ય

સિદ્ધાંતની રાહે કરાવી શકતો હોય, અને એ સિદ્ધાંત એવો સરળ હોય કે અમુક ક્ષણે તેનો અમલ કરવા માટે એક ક્ષણનો પણ વિચાર કરવાની જરૂર ન રહે, તો જીવનયાત્રા સુગમ બની જાય. પણ જેને વિશે નિર્ણય એટલી સહેલાઈથી કરી શકાય, એવું એક પણ કાર્ય હું યાદ કરી શકતો નથી. માણસને એક અગર બીજી ફરજ વચ્ચે પસંદગી કરવી પડતી હોય છે.

※

**ડર :** મોત, હાડમારીઓ, ધનનાશ, મારફાડ, જુલમ અને અત્યાચાર, માનહાનિ, લોકનિંદા, વહેમો, કુટુંબીઓને દુખ્ખ થશે વગેરે અનેક ખ્યાલોથી માણસ સાધારણ રીતે ડરતો જ રહે છે. જે સત્યપરાયણ રહેવા માગે તે ન નાતજાતથી ડરે, ન સરકારથી, ન ગરીબાઈથી ડરે, ન મોતથી. આપણામાં બીકે ઘર કર્યું છે. તેથી સત્ય, દયા વગેરે ગુણો ખીલી શકતા નથી. ડરનારો માણસ ધર્માધર્મનો ઊંડો વિચાર કરવાની હિંમત ન જ કરે. એ સત્યને શોધી ન શકે, કે શોધીને તેને વળગી ન શકે. સત્ય, અહિંસા ઇત્યાદિ વ્રતોનું પાલન નિર્ભયતા વિના અસંભવિત છે. દૈવી સંપતનો પહેલો ગુણ અભય છે. તમે, જે કરવું હોય તે નીડર થઈ દેહ પડતાં પણ કરશો ? જેને ખુદાનો જ ડર છે, તે બીજાથી ડરવાનો નથી.

※

**દુખ્ખ :** આપણો ધર્મ છે કે પારકાંને દુખ્ખે દુખ્ખી થવું. બીજાંને દુખ્ખે દુખ્ખી થવા સિવાય, એમના કશ્ટમાં ભાગ લીધા સિવાય, આપણે વધુ કાંઈ નથી કરી શકતા. દુખ્ખ દૂર કરવું એ આપણા હાથની વાત નથી. ગમે તેવું ઘોર દુખ્ખ હોય તે પણ જો લાંબા સમય સુધી ચાલે તો લોકો તેને ટેવાઈ જાય છે, અને તેની સામે થવાનો ધર્મ તેમને સમજાવવો મુશ્કેલ થઈ પડે છે, અને તેની ઘોરતા જગતને સમજાવવી તેટલી જ મુશ્કેલ થઈ પડે છે.

※

**દુશ્કર્મ :** દુનિયાનાં અનેક દુશ્કર્મોનો કાજી હું બનતો નથી. હું પોતે અપૂર્ણ હોવાથી અને સહિશ્ણુતા તથા અુદારતાની મને ગરજ હોવાથી, ફળદાયી સમજાવટ માટેની તક હું ખોળી શકું ત્યાં સુધી દુનિયાની અપૂર્ણતાઓ સહી લઉં છું. આ સંસારમાં કોઈનો પણ તિરસ્કાર કરવા હું મને અસમર્થ માનું છું. ખૂબ સંયમ કેળવીને મેં કોઈનો પણ દ્વેશ કરવાનું છોડી દીધું છે. પણ જ્યાં જ્યાં દુશ્કર્મ

વર્તતું હોય, ત્યાં ત્યાં તેને તો હું ધિક્કારું છું. અંગ્રેજ વર્ગ હિંદુસ્તાનમાં શિરજોરી કરી રહ્યો છે, તેનો હું પૂરેપૂરો દ્વેશી છું. તે જ પ્રમાણે જે ધ્રુણિત પ્રથાને માટે કરોડો હિંદુઓ જવાબદાર થઈ પડ્યા છે, તે અસ્પ્રુશ્યતાને પણ હું ધિક્કારું છું. પણ નથી હું ધિક્કારતો શિરજોરી કરનાર અંગ્રેજને, કે નથી ધિક્કારતો હિંદુને. જે જે પ્રેમના ઉપાયો મારાથી લઈ શકાય તેમ છે, તે તે ઉપાયો વડે તેમને સુધારવા હું પ્રયત્ન કરું છું. જે લોકો માણસની બૂરાઈનો નાશ કરવાને બદલે તેવાં માણસોનો જ નાશ કરવા માગે છે, તેઓ પોતે પેલાઓની બૂરાઈઓ અખત્યાર કરે છે, અને તેમને વટાળે એવા પંડે બની બેસે છે.

❊

**દોશ :** માણસના સારા ગુણનું મનન કરવાનું છે. તેના દોશની સંભાળ આપણે નથી રાખી શકતા. આપણે સાંકડ ભોગવતાં બીજા રાજી રહે, બીજાનું કલ્યાણ થાય, તો આપણે સંતોશ માનવાનો છે. કોઈનાં છિદ્રો જોવાં અને કોઈનો ન્યાય કરવો એ આપણું કામ નથી. જ્યાં લગી આપણામાં એક પણ દોશ આપણે જોઈ શકતા હોઈએ, અને એ દોશ છતાં સગાંસંબધી વગેરે આપણો ત્યાગ ન કરે એવું આપણો અંતરાત્મા ઈચ્છતો હોય, ત્યાં લગી આપણને બીજાના દોશ જોવાનો અધિકાર નથી. જ્યાં આપણને દોશ જ જોવામાં આવે, ત્યાં તે દર્શાવવામાં પણ જે નમ્રતા અને વિવેક હોય છે તેથી કોઈને દુખ્ખ નથી થતું. આપણામાં જરા પણ દોશ જણાય, તો આપણને બળી મરવા જેવું થવું જોઈએ. અને જગત આપણને દોશિત ઠરાવે ત્યારે એમ ન માનીએ કે જગત કેટલું ક્રુરુપણ છે કે નાના દોશને મોટો કહે છે! સંતોએ કહ્યું છે કે જગત આપણને નિંદે ત્યારે આપણે આનંદ માનવો, અને સ્તુતિ કરે ત્યારે થથરવું. પોતા પ્રત્યે ક્રુરુપણ અને બીજા પ્રત્યે ઉદાર રહેતાં આવડે, ત્યારે જ પોતા અને બીજા વચ્ચેના સંબંધનો મેળ રહે.

❊

**ધર્મ :** લાંબા અભ્યાસ અને અનુભવને અંતે હું એવા નિર્ણય પર આવ્યો છું કે (1) સઘળા ધર્મો સાચા છે; (2) બધા ધર્મોમાં કંઈક દોશ રહેલા છે. બધા જ ધર્મો ઓછેવત્તે અંશે સાચા છે, અને છતાં બધા ધર્મ અપૂર્ણ છે કારણ કે તે અપૂર્ણ એવા મનુશ્ય દ્વારા આપણને મળેલા છે. સત્ય અને સદાચાર કરતાં ચડિયાતો બીજો કોઈ ધર્મ નથી. ચારિત્ર એ જ માણસની કસોટી હોય. ધર્મશાસ્ત્ર ગણાતા કોઈ પણ ગ્રંથનું એકેએક વચન, તે

વિવેકબુદ્‌ધિને તથા અંતરાત્માને માન્ય ન થઈ શકતું હોય તો, પ્રમાણ ગણવાનું નથી. જે બુદ્‌ધિસંમત ન હોય તથા જે નીતિમત્તાથી વિરુદ્‌ધ હોય, એવો કોઈ પણ ધાર્‌મિક સિદ્‌ધાંત મને માન્ય નથી. શાસ્ત્રો બુદ્‌ધિ અને સત્યથી પર ન હોઈ શકે. જે કંઈ પ્રાચીનને નામે ખપે છે, તે બધાંનો હું આંધળો ભક્ત નથી. જે કંઈ અનિશ્ટ હોય, નીતિભ્રશ્ટ હોય, એ બધું ચાહે તેટલું પ્રાચીન હોય તોયે તેનો નાશ કરતાં હું અચકાતો નથી.

⁂

**ધર્‌મ—2 :** સામાન્ય માન્યતા એવી હોય છે કે વ્યાપાર ઇત્યાદિ લૌકિક વ્યવહારમાં ધર્‌મ સચવાય નહિ. મારી મતિ પ્રમાણે, જે ધર્‌મ વ્યવહારમાં ન લાવી શકાય તે ધર્‌મ નથી. ધર્‌મ વિનાનું રાજકાજ દુર્‌ગંધમય છે. રાજકાજ વિનાનો ધર્‌મ અર્‌થહીન છે. રાજકાજ એટલે પ્રજાના કલ્યાણની પ્રવ્રુત્તિ. માનવહિતની પ્રવ્રુત્તિથી જુદો એવો ધર્‌મ હું જાણતો નથી.

તમે આપણા ધર્‌મનાં મૂળ તત્ત્વો જાણો છો ? કદાચ તમે કહેશો કે, હું તો આખી 'ગીતાજી' મોઢે ભણી શકું છું, તેના અર્‌થ પણ આવડે છે — પછી મૂળ તત્ત્વોનું તે શું પૂછે છે ? મૂળ તત્ત્વો જાણવા એટલે તે પ્રમાણે વર્‌તન કરવું, એવો અર્‌થ હું કરું છું.

જે સમાજમાંથી વ્યક્‌તિનો અુદ્‌ભવ થાય છે, તે સમાજની એકંદરે ધર્‌મમાં જેટલી પ્રગતિ થઈ હોય તેના કરતાં વ્યક્‌તિની પ્રગતિ બહુ જ આગળ વધી શકતી નથી. આથી પોતાની આજુબાજુ સ્પશ્ટ અધર્‌મ ચાલી રહ્યો હોય તે તરફ આંખ મીંચેલી રાખી કોઈ વ્યક્‌તિ પોતાની અતિશય આધ્યાત્મિક અુન્નતિ કરી શકે, એ શક્‌ય નથી.

⁂

**ધર્‌મ—3 :** "મિયાંને ને મહાદેવને બને નહિ," [એવી] કેટલીક કહેવતો રહી જાય છે તે નુકસાન કર્‌યા જ કરે છે. આપણે કહેવતની ધૂનમાં એટલું યાદ પણ નથી કરતા કે ઘણા હિંદુ તથા મુસલમાનના બાપદાદા એક જ હતા. શું ધર્‌મ બદલ્યો, એટલે દુશ્મન થઈ ગયા ? ધર્‌મ તે તો એક જ જગ્યાએ પહોંચવાના જુદા જુદા રસ્તા છે. 'કુરાન'માં એવાં સેંકડો વચનો છે કે જે હિંદુને માન્ય હોય. 'ગીતા'માં એવું લખેલું છે કે તેની સામે મુસલમાનને કંઈ જ કહેવાપણું ન રહે. કેટલુંક ન સમજાય અથવા પસંદ ન આવે, તેથી શું તેને

માનનારનો તિરસ્કાર કરવો ? ઇસ્લામની તવારીખ જો ઇસ્લામના નૈતિક ઊંચાણમાં કોઈ કોઈ જગ્યાએ સ્ખલન દેખાડે છે, તો એનાં ઉજ્જ્વળ પૃષ્ઠોની સંખ્યા પણ કંઈ નાની નથી. વળી ઇસ્લામ એના જશના દિવસોમાં પરમત-અસહિષ્ણુ નહોતો. દુનિયા આખીને તેણે પોતાની મહત્તા વડે ચકિત કરી મૂકી હતી. તેણે દુઃખીપીડિત દુનિયાને દિલાસો આપ્યો. આ દેશમાં એ અસભ્ય અને ઝનૂની બની ગયો હોય તો, આપણે કબૂલ કરીએ કે તેની એવી વિકૃતિ કરવામાં આપણો પોતાનો હિસ્સો નાનોસૂનો નથી.

⁂

**નમ્રતા :** શુદ્ધ નમ્રતા હાથીની અંબાડીએ બેસી શકે; આડંબર ઝૂંપડીમાં વસી શકે છે. મનુષ્ય સ્વાભાવિક રીતે રહે એ જ બરોબર હોય. છ ફૂટનો માણસ વાંકો વળી પાંચ ફૂટનો દેખાવાનો ડોળ કરે, તો તે દોષિત થાય છે. આપણે વિનયને ખુશામત તરીકે ન ઓળખીએ, તેમ અવિનયને નિર્ભયતા તરીકે ન માની લઈએ.

⁂

**નામર્દાઈ :** હિંદુ-મુસલમાન ટંટાના દાખલાઓમાં મુસલમાન એક સામાન્ય નિયમ તરીકે ગુંડ હોય છે, અને હિંદુ સામાન્યપણે બાયલો હોય છે. જ્યાં નામર્દ વસતા હોય, ત્યાં ગુંડ પણ હોવાના જ. હું તો મુસલમાનો ઉપર તેમની ગુંડાશાહી માટે રોષે ભરાવા કરતાં, હિંદુઓની નામર્દીનો વિચાર કરી વધુ શરમાઉં છું. મારા અહિંસાધર્મમાં, સંકટ વેળાએ પોતાનાં વહાલાંઓને વીલાં મેલી નાસી છૂટવાને સ્થાન નથી. મારવું, અગર તો નામર્દાઈપૂર્વક નાસી છૂટવું — એ બે વચ્ચે જ જ્યાં પસંદગી કરવાની છે, ત્યાં મારો માર્ગ મારવાનો હિંસામાર્ગ પસંદ કરવા કહેનારો છે. કારણ, આંધળાને હું સૃષ્ટિસૌંદર્યની મજા નીરખતાં શીખવી શકું, તો નામર્દને હું અહિંસાધર્મ શીખવી શકું. હિંસાના માર્ગમાં ઊછરીને કેળવાયેલા માણસોને અહિંસાના માર્ગનું ચડિયાતાપણું પુરવાર કરી બતાવવામાં મને કશી મુશ્કેલી નડી નથી. પણ આનો રસ્તો અખાડા કાઢવામાં નથી, પણ ભય અને સંકટ ખેડવાનો શોખ કેળવવો એ છે. જ્યાં સુધી મધ્યમવર્ગના હિંદુઓમાં માબાપો જાતે બીકણ છે અને પોતાના ઉમ્મરે પહોંચેલા છોકરાઓને સુદ્ધાં મુલાયમ રાખીને પોતાનું બીકણપણું તેમનામાં ઉતારવાનું ચાલુ રાખશે, ત્યાં સુધી તેમનામાં ભયથી નાસવાની અને જોખમ ન ખેડવાની વૃત્તિ કાયમ રહેશે.

⁂

**નોકરીઓ :** સરકારી નોકરીઓમાં કોમી પક્ષપાતની ભાવનાને જો આપણે દાખલ થવા દઈશું તો એ ઘાતક નીવડશે. જો રાજતંત્રને કાર્યદક્ષ રાખવું હોય તો સૌથી કાબેલ લોકોને જ એમાં રોકવા પડશે. એટલે કે જો આપણે પાંચ અિજનેરો જોઈતા હોય તો દરેક કોમમાંથી એક એક લેવાનું નહિ પાલવે, અને સૌથી વધારે લાયકાતવાળાને જ તે જગાઓ આપવી પડશે — પછી તે પાંચે ભલે પારસી કે મુસલમાન કોમના હોય. આ નોકરીની જગાઓની વહેંચણી દરેક કોમની સંખ્યાના પ્રમાણમાં ન જ થવી જોઈએ. શિક્ષણમાં પછાત રહેલી કોમોને કેળવણી જેવી બાબતમાં અવશ્ય ખાસ લાભો મળે. પણ સરકારમાં મહત્ત્વની જગાઓ રોકવાની મહત્ત્વાકાંક્ષા જેમને છે, તેમના પર તો આવશ્યક પરીક્ષામાં અુત્તીર્ણ થવાની ફરજ હોવી જ જોઈએ.

⁂

**પાપ-પુણ્ય :** પાપને સારુ મ્રુત્યુ પછી આવનાર રૌરવ નરકનો ભય બતાવવાની, કે પુણ્યકર્મને સારુ રત્નજડિત મહેલોમાં નાચગાન કરતી અપ્સરાઓનું પ્રલોભન આપવાની, મુદ્દ્લ જરૂર ન હોવી જોઈએ. જો પુણ્યકર્મમાં પોતામાં જ કંઈ પ્રલોભન ન હોય તો તેને કચરાની ટોપલીમાં નાખી દેવું જોઈએ.

⁂

**પ્રાણત્યાગ :** મરવું આપણને ગમતું નથી, તેથી છેવટે શરીરબળને વશ થઈએ છીએ. કોઈ મરવાને બદલે સલામ કરવાનું પસંદ કરશે, કોઈ પૈસા આપશે, તેમ કોઈ સ્ત્રી લાચારીથી પશુને વશ વર્તશે. સલામ કરવાથી માંડીને શિયળભંગ લગીની ક્રિયાઓ એક જ વસ્તુની સૂચક છે. જીવવાનો લોભ માણસ પાસે શું નથી કરાવતો ? એવા પ્રસંગો આવે છે કે જ્યારે માણસે તેમને વટાવી જવા મોતને વધાવવું ઘટે. “હે નાથ ! હું અસત્ય આચરીને જીવું તેના કરતાં મને તું મોત આપજે,” એ પ્રાર્થના આપણી ઈશ્વર પ્રત્યે નિત્ય હોય. “હે દુશ્મન ! મારું અપમાન કરે, મારી પાસેથી તું અમાનુશી કર્મ કરાવે, તેના કરતાં તું મને મારી નાખ તો હું તારો પાડ માનું,” આવી પ્રાર્થના મનુશ્ય દુશ્મન પ્રત્યે કરશે.

મારા શરીર તથા મનની શક્તિ ધીમે ધીમે ક્ષીણ થતી જાય, એ રીતે મરવાની મને અિચ્છા નથી. મારા છેલ્લા શ્વાસ સુધી મારું કર્તવ્ય બજાવતો બજાવતો હું મડદું થઈને પડું, એ મને અત્યંત ગમે. મારી નિંદા કરનારાઓ

Acc. No. 130321
Date

સામે હું કદી પણ રોશની લાગણી ન અનુભવું, અને ખૂનીની ગોળીથી વિંધાઅીને પડું તોયે રામનામ રટતો રટતો પ્રાણત્યાગ કરું, એવી સદા પ્રાર્થના કરતો રહું છું.

⁂

**પ્રાણહરણ :** હર હાલતમાં મ્રુત્યુ ભયંકર નથી. મ્રુત્યુ કેટલીક વેળા મુક્તિનું સ્વરૂપ પકડે છે, વિશેશ કરીને જ્યારે કોઅીનું પ્રાણહરણ તેને શાંતિ દેવા ખાતર કરવામાં આવે છે ત્યારે. દર્દોથી પીડાતાં પરિયજનોની સેવા શક્ય ન હોય, જીવવાની આશા જ ન હોય, તે બેશુદ્ધ હોય અને મહાદુખ્ખ ભોગવતાં હોય, તો તેમના પ્રાણહરણમાં હું લેશમાત્ર પણ દોશ ન જોઅું. મ્રુત્યુદંડ એ હંમેશા હિંસા જ નથી. નિસ્સ્વાર્થ બુદ્ધિથી, શાંત ચિત્તથી કોઅી પણ જીવના ભૌતિક કે આધ્યાત્મિક ભલાને સારુ તેનું પ્રાણહરણ શુદ્ધ અહિંસા હોઅી શકે. મારા બાળકને હડકવા થાય ને તેના રોગને સારુ મારી પાસે આશાજનક અિલાજ ન હોય તો, ને તે દુખ્ખથી રિબાતું હોય તો, તેના દેહનો અંત લાવવાને હું ધર્મ ગણું. તરફડતા બાળકને સારુ છેલ્લો અિલાજ તેને દેહમુક્ત કરવાનો છે.

⁂

**પ્રાણીઓ :** પ્રાણીઓનો એક ઘાથી વધ કરી નાખવા કરતાં તેના પ્રત્યે ક્રૂર વર્તન રાખવામાં ઓછી હિંસા નથી. એવી હિંસા હિંદુઓમાં સારી પેઠે થાય છે : ફૂંકારવાની ક્રિયા, પરોણો મારવો, હદ કરતાં વધારે ભાર લાદવો, પૂરો ખોરાક ન આપવો, ખોરાક માટે રખડતાં મૂકી દેવાં, અીજા પામેલાં અંગોની માવજત ન કરવી, કામને માટે નાલાયક થાય તેમને હાંકી મૂકવાં વગેરે અમાનુશી અને ક્રૂર છે. એને પરિણામે હિંદુસ્તાનમાં ગાય, બળદ, ભેંસ, ઘોડાં, ગધેડાં, કૂતરાં, બિલાડાં વગેરે પ્રાણીઓ કંપારી છૂટે એવી સ્થિતિમાં જીવે છે. સ્વાર્થથી અંધ થઅી આપણે રોજ આપણાં પશુઓ અુપર અત્યાચાર કરીએ છીએ. તેમને વાચા હોય તો તેઓ આપણે અવશ્ય કહે : "અમને આમ રિબાવો છો તેના કરતાં અમને મારી નાખો તો તમારો પાડ." કોઅીને રિબાવવું એ કેટલીક વેળા મ્રુત્યુદંડના કરતાં અતિશય ઘોર હિંસા હોઅી શકે. જેમણે અમ્રુતસરની ગલીમાં લોકોને કીડાની જેમ પેટે ચલાવ્યા, તેમણે જો તેમને મારી નાખ્યા હોત તો તે ઓછા ઘાતકી ગણાત.

⁂

**પ્રાર્થના :** શરીર માટે અન્ન અનિવાર્ય છે તેટલી જ આત્માને માટે પ્રાર્થના

અનિવાર્ય છે. પ્રાર્થનાએ તો મારી જિંદગી બચાવી છે. મને કડવામાં કડવા જાહેર તેમજ અંગત અનુભવો ઠીક ઠીક પ્રમાણમાં થયા છે. તેમાંથી હું તર્યો તો તે એકમાત્ર પ્રાર્થનાને કારણે.

⁂

**પ્રેમ :** ટીપકે ટીપકે આવતો વરસાદ વ્યર્થ જાય છે. ધારાબંધ વરસતો વરસાદ જ જેમ ખેતરો રસતરબોળ કરે, તેમ ધારાબંધ છૂટતો પ્રેમ જ વેરભાવને જીતશે.

⁂

**ફરજ — હક :** સરકાર પાસે હકોની માગણી કરવામાં જેટલી સહેલાઈથી હું [લોકોની) મદદ લઈ શકતો હતો, તેટલી સહેલાઈથી લોકોની પાસે તેમની ફરજ અદા કરાવવાના કામમાં મદદ મેળવી શક્યો નહિ. આપણે બધા આપણી ફરજ અદા કરીએ તો હક આપણી પાસે જ છે. ફરજ છોડી હકને બાઝવા જઈશું તો તે ઝાંઝવાનાં નીર જેવા છે. મારામારી કરીને હકો લીધા. શું મારામારી કરીને પોતાની ફરજ સમજી શક્યા ? ખરા હક ફરજનું ફળ છે, તે નથી મેળવ્યા. પરિણામ એ આવ્યું છે કે સહુ હક મેળવવા મથ્યા, ફરજ ઊંઘી ગઈ. જ્યાં બધા હકની વાત કરે, ત્યાં કોણ કોને આપે ? જે હક માગતા હતા તેને લઈને બજાવવાની ફરજ બજાવી નથી. લાયકાત મેળવી નથી. તેથી હક ગળે ધૂંસરીરૂપ થઈ પડ્યા છે. આપણે હકો માગીએ છીએ તે બરાબર છે. નથી મળતા તે અન્યાય છે. છતાં આપણે એટલું કબૂલ કરવું જોઈએ કે હકો મેળવવાને આપણામાં પૂરી લાયકી નથી.

⁂

**ફુરસદ :** માણસને બાહ્ય સાધનો પર એટલો બધો અધીન ન કરી મૂકવો જોઈએ કે જેથી એની શ્રમ કરવાની સ્વાભાવિક શક્તિનો હ્રાસ થઈ જાય અને શ્રમથી નિર્વાહ કરવાને એ નાલાયક બની જાય. અત્યંત ઝીણો શ્રમવિભાગ કરી મજૂરને જડયંત્ર જેવો બનાવી દઈ બે-ચાર કલાકની નીરસ યાંત્રિક ક્રિયામાં એને જોડવો અને પછી મોજમજા કે શોખની પ્રવૃત્તિઓ માટે એને છૂટો મૂકવો, એથી માનવજાતિનું કલ્યાણ નહિ થાય. પણ એને કરવાના કાર્યમાં જ એને આનંદ મળે, એ જ એના શોખની પ્રવૃત્તિ [પણ] થાય, અને એમાં જ એ પોતાનો આધ્યાત્મિક વિકાસ કરી શકે એવી રીતે ઉદ્યોગધંધાની રચનાના માર્ગો શોધવા જોઈએ. આનો અર્થ એ નથી કે મનુષ્યને ઉદ્યોગની પ્રવૃત્તિ

અુપરાંત બીજી પ્રવ્રુત્તિની જરૂર નથી. દરેક માણસને નિર્દોશ શોખની એક બીજી પ્રવ્રુત્તિ હોવી ઇશ્ટ છે, અને તે માટે એને ફુરસદ પણ મળવી ઘટે છે; પણ એવી પ્રવ્રુત્તિ ગૌણ સ્થાને જ રહેવી જોઅીએ. માનવ સમાજનો મોટો ભાગ વધારે પડતી ફુરસદનો સમય યોગ્ય રીતે ગાળી શકે એવી સંસ્કારિતા હજી પ્રસરી નથી. આજ તો મોટો ભાગ વધારે પડતી ફુરસદનો સમય અૂંઘ, વ્યસન અને દોશમય ભોગોમાં ગાળે એવી ધાસ્તી છે.

❊

**બળ :** આ પ્રુથ્વી પર સીધાં પગલાં ભર્યા સિવાય કદી પણ કશું સાધી શકાયું નથી. માગ્યું નહિ મળે; લીધું લેવાશે. લેવાનું બળ જોઅીશે. કોઅીના તુંબડાથી તરવાનું નથી, પણ આપણા પોતીકા બળ વડે તરવાનું છે. કોઅી પણ પ્રજા દુખ્ખ વેઠ્યા વિના ચઢી નથી. હંમેશા યાદ રાખવું કે મુખ્ય મુદ્દો પકડવો. તેને સારુ મરતાં બીજું બધું જવા દેવું. તમારું શૂર બીજા તરત લેશે. માત્ર શરત એટલી કે એ શૂર અુદ્ધતાઅીનું ન હોવું જોઅીએ. તે શૂર ખરું હોવું જોઅીએ. તેનો પડછંદો પડે જ પડે, એ નિશ્ચયપૂર્વક માનજો.

❊

**બ્રહ્મચર્ય :** સામાન્યપણે બ્રહ્મચર્ય એટલે સ્ત્રીસંગ ન કરવો ને વીર્યસંગ્રહ સાધવો. વીર્યરક્શા એ બ્રહ્મચર્યનું સીધું ફળ છે, પણ તે સર્વસ્વ નથી. ખરા બ્રહ્મચારીની વાણીમાં, વિચારમાં ને આચારમાં તરી આવે એવો પ્રભાવ જોવામાં આવે છે. આવું બ્રહ્મચર્ય સ્ત્રીઓની સાથેના સંબંધથી કે તેના સ્પર્શથી અભડાશે નહિ. જેની વિશયાસક્તિ બળીને ખાખ થઅી જાય છે, તેના મનમાં સ્ત્રી-પુરુશનો ભેદ ટળી જાય છે. બ્રહ્મચર્યના પાલન અર્થે એકબીજાનો નિર્દોશ સંપર્ક પણ તજવા કહેનારો અંકુશ એ બળજબરીપૂર્વક કરેલો વિકાસ છે ને તેની ખરી કિંમત નથી. સ્ત્રીનો સંપર્ક ટાળવો અથવા ભયના માર્યા તેનાથી દૂર ભાગવું, એ સાચા બ્રહ્મચર્યના અુપાસકને છાજે નહિ. બ્રહ્મચર્ય એટલે મનવચનકાયાથી સર્વ ઇંદ્રિયોનો સંયમ. આવું બ્રહ્મચર્ય અલ્પ પ્રયત્ને સાધ્ય નથી. કરોડોને સારુ તો એ હંમેશા કેવળ આદર્શરૂપે જ રહેશે. જ્યાં લગી વિચારો અુપર એવો કાબૂ નથી મળ્યો કે ઇચ્છા વિના એક પણ વિચાર ન આવે, ત્યાં લગી સંપૂર્ણ બ્રહ્મચર્ય નથી.

બ્રહ્મચર્યનું પાલન એ મુખ્ય આદર્શ છે. પણ જેને માટે બ્રહ્મચર્યનો આદર્શ મુશ્કેલ છે, તેને માટે વિવાહ કર્તવ્ય થાય છે. વિવાહ ધર્મવિધિ છે, સ્વેચ્છાચારનું સાધન નથી. જે પોતાના વિકારનો નાશ નથી કરી શકતા તે મર્યાદામાં રહી, વિકારો ઉપર અંકુશ રાખી, અનિવાર્ય એટલો વ્યવહાર વિવાહના ધર્મસંબંધથી રાખી શકે છે.

❊

**ભક્ત :** માળા, તિલક આદિ સાધનો ભલે ભક્ત વાપરે, પણ તે ભક્તનાં લક્ષણો નથી. જે કોઈનો દ્વેષ નથી કરતો, જે નિરહંકાર છે, જે ક્ષમાશીલ છે, જે સદાય સંતોષી છે, જેના નિશ્ચય કદી ફરતા નથી, જેનાથી લોકો ત્રાસતા નથી, જે લોકોનો ભય નથી રાખતો, જે હર્ષ-શોક-ભયાદિથી મુક્ત છે, જે પવિત્ર છે, જે કાર્યદક્ષ છે છતાં તટસ્થ છે, જે શત્રુમિત્ર પ્રત્યે સમભાવી છે, જે સ્તુતિથી ફુલાતો નથી, નિંદાથી ગ્લાનિ પામતો નથી, જે સ્થિરબુદ્ધિ છે, તે ભક્ત છે.

❊

**ભૂખ :** ભૂખે મરતો માણસ બીજું કાંઈ કરતાં પહેલાં પોતાની ભૂખ સંતોષવાનો વિચાર કરે છે. કોળિયો ધાન મેળવવા એ પોતાની સ્વતંત્રતા અને બીજું જે કંઈ હશે તે વેચી દેવા તૈયાર થશે. હિંદુસ્તાનના કરોડો લોકોની દશા આ પ્રકારની છે. એમને મન સ્વતંત્રતા, ઈશ્વર અને એવા તમામ શબ્દો સહેજ પણ અર્થ વગરના કેવળ ગોઠવેલા અક્ષરો જેવા છે. એ શબ્દો એમને કર્કશ લાગે છે. આ લોકોમાં આપણે સ્વતંત્રતાની ભાવના પેદા કરવી હશે, તો આપણે એમને એવું કામ આપવું જોઈશે જે તેઓ પોતાનાં ઉજ્જડ ઘરોમાં સહેલાઈથી કરી શકે અને જે એમને કંઈ નહિ તો દાળ-રોટલો આપી શકે. જે લોકો એમને કામ આપશે અને ટુકડો રોટલો રળવાનું સાધન લાવી આપશે તેઓ જ તેમના ઉદ્ધારક બનશે, અને એવા લોકો જ એમનામાં સ્વતંત્રતાની ભૂખ પણ જગાડશે. દુખ્ખથી રિબાતા કરોડો એક જ આશા રાખે છે — સત્ત્વ આપનારા અનાજની. એ અનાજની ભેટ થઈ શકે એમ નથી. તેઓએ તો કમાવું જોઈએ. અને તે કમાવા પૂરતી મજૂરી જ તેઓ માગે છે. તમે કલ્પના કરો કે કરોડો લોકોને કામ ન મળતું હોય અને કરોડો દરરોજ કામને અભાવે સ્વમાનશૂન્ય, ઈશ્વરનિષ્ઠાશૂન્ય થઈ જતા હોય, એ કેવડી મોટી આપત્તિ હોવી જોઈએ ! એ ભૂખ્યા કરોડો, જેમની આંખમાં જરાયે તેજ નથી અને રોટલો એ જ જેમનો

ઓીશ્વર છે, એમની આગળ ઓીશ્વરનું નામ મૂકવું અને પેલા કૂતરા આગળ મૂકવું એ બરાબર છે. તેમની આગળ ઓીશ્વરનો સંદેશો લઓી જવો હોય તો મારે તેમની આગળ પવિત્ર પરિશ્રમનો સંદેશો જ લઓી જવો જોઓીએ.

※

**ભોજન :** જે તંદુરસ્ત માણસે પોતાના ભોજન માટે પ્રામાણિકપણે શ્રમ ન કર્યો હોય, તેને મફત જમાડવાનો વિચાર મારી અહિંસા સહી નહિ શકે. જો મારા હાથમાં સત્તા હોય તો હું મફત ભોજન આપનારાં એકેએક સદાવ્રત બંધ જ કરાવી દઓું. એણે પ્રજાના ગૌરવને હલકું પાડ્યું છે અને આળસ, નિશ્ક્રિયતા, દંભ અને ગુનેગાર વ્રુત્તિને પણ પોશી છે.

※

**મનુશ્ય :** કોઓી પણ મનુશ્યને હલકો કે નજીવો ન ગણવો. ગમે તેવો ભીરુ માણસ હોય એ પણ અવસર આવ્યે વીર બની શકે છે. દુનિયામાં એકે એવી જગ્યા નથી અને એકે એવી જાતિ નથી કે જ્યાં અથવા જેમાં યોગ્ય પ્રસંગ મળે અને સંસ્કાર પડે તો સુંદરમાં સુંદર મનુશ્યપુશ્પ ઉત્પન્ન થઓી ન શકે.

※

**મહાપુરુશ :** મનુશ્ય જરાક લપસ્યો તો તે કંઓી જ નથી એમ જગતને લાગે છે; અને તે સારું જ છે. જગત બીજું ન કરી શકે, તેણે તો મેલ જુએ ત્યાં તે નિંદવો જ રહ્યો. પણ મહાપુરુશનું જીવન જોવા બેસીએ ત્યારે [આ] વાત યાદ રાખવી : એણે [પોતાના] હ્રદયમાં કેટલાં યુદ્ધો કર્યાં હશે અને કેટલી જીતો મેળવી હશે એનો પ્રભુ સાક્શી છે.

મહાપુરુશો આપણે સારુ પોતાના અનુભવો મૂકી ગયા છે તે માર્ગદર્શક છે; તે સંપૂર્ણ નથી. હું "મહાત્મા" ગણાઓું તેથી મારું વચન સાચું જ, એમ માની કોઓી ન વર્તે. "મહાત્મા" કોણ તે આપણે જાણતા નથી. સારો માર્ગ એ છે કે "મહાત્મા"ના વચનને પણ બુદ્ધિની કસોટીએ ચડાવવું, ને તેમાં કસ ન ઊતરે તો તે વચનનો ત્યાગ કરવો. મહાત્માના પદ કરતાં મને સત્ય અનંતગણું પ્રિય છે.

દુનિયાને ક્યાં ખબર છે કે મારું કહેવાતું મહાત્માપણું પવિત્ર, બાહોશ અને એકનિશ્ઠ એવા સાથીઓના મૂક વૈતરાને જ આભારી છે ? ઘણા સાથીઓની શોભાએ હું શોભ્યો છું. મારાં સદ્ભાગ્ય એવાં છે કે મને હંમેશા શ્રદ્ધાવાન,

નીતિવાન, બુદ્ધિશાળી અને કાર્યદક્ષ સખા કહો કે સેવક મળ્યા છે.

**મારો ધંધો :** માનવજાતની સેવા દ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાને હું ઝંખું છું. મારી બધી પ્રવૃત્તિઓનો ઉદ્ભવ મારા અખૂટ માનવપ્રેમમાંથી થયેલો છે. જીવમાત્ર પ્રત્યે આત્મવત્ પ્રેમ કરવાને ઈચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો. તેથી જ સત્યની મારી પૂજા મને રાજ્યપ્રકરણમાં ખેંચી ગઈ. જ્યાં જ્યાં લોક મુશ્કેલીમાં આવી પડે ત્યાં ત્યાં તેમને છોડાવવા દોડી જનારનો ધંધો કરવો, એવું મેં મારું જીવનકાર્ય માન્યું નથી. પણ લોકો શી રીતે પોતાની મુશ્કેલીઓનો ઉકેલ લાવી શકે તે દેખાડવું, એ મારો નમ્ર વ્યવસાય છે.

મારો ધંધો માત્ર ફરિયાદો જ કરવાનો અથવા હકો જ માગવાનો નહોતો; પણ ફરિયાદ કરવામાં કે હકો માગવામાં હું જેટલો દૃઢ હતો, તેટલો જ આંતરિક સુધારણાને સારુ પણ ઉત્સાહી ને દૃઢ હતો. પ્રજાના દોશો ઢાંકીને તેનો બચાવ કરવો, અથવા દોશો દૂર કર્યા વિના હકો મેળવવા, એ મને હંમેશાં અરુચતું લાગ્યું છે. હું સરકારના દોશો પહાડ જેવડા બતાવું છું, કારણ કે તે પહાડ છે. પણ આપણા દોશો નાના હોય તેને પણ પહાડ જેવડા બતાવું છું. હું તો દોશો પર દોશો જોતો આવ્યો છું. સરકારની સામે લડવું સહેલું છે, પણ લોકોની સામે લડવું મુશ્કેલ છે. સરકારનો રજ અન્યાય હોય તેને ગજ કરતાં આપણને આવડે છે, પણ આપણે જ્યારે પોતા થકી કશું કરવાનું આવે છે ત્યારે કર્તવ્યથી ભાગી છૂટીએ છીએ. લોકોમાં ધાંધલિયા કામ ને ધીમા રચનાત્મક કામની વચ્ચેનો ભેદ, અને પહેલાનો પક્ષપાત ને બીજાનો અણગમો, હું અનુભવતો આવ્યો છું. રાજ્યપ્રકરણી ચળવળ કરતાં સંસાર-સુધારાની ચળવળ ઘણી વધારે મુશ્કેલ છે.

⁂

**મારો પ્રભાવ :** જનતા ઉપરનો મારો પ્રભાવ બહુ ભારે જણાય, પરંતુ હકીકતમાં તે બહુ જ મર્યાદિત છે. પ્રજાની ફરિયાદોના નિવારણને અર્થે લડત ચલાવવાની બાબતમાં હું તેમના ઉપર ભારે પ્રભાવ ધરાવું છું એમ કદાચ કહી શકાય, કેમ કે પ્રજા એને માટે તૈયાર હોય છે અને તેને કોઈ મદદગારની જરૂર પડે છે. પરંતુ જેમાં તેને કશો રસ ન હોય તે માર્ગે પ્રજાની શક્તિ વાળવાનો પ્રભાવ મારી પાસે નથી.

⁂

**મૂડી :** કોઈ પણ હિલચાલ પૈસાને અભાવે નથી અટકતી. આનો અર્થ એવો નથી કે દુન્યવી કોઈ પણ હિલચાલ પૈસા વિના ચાલી શકે. પણ જ્યાં ખરા સંચાલકો હોય છે ત્યાં પૈસો એની મેળે જ આવે છે. એથી ઊલટો અનુભવ એવો પણ છે કે જે હિલચાલને પૈસાની છોળ થઈ પડે છે, તેની તે જ સમયથી અવનતિ શરૂ થાય છે. તેથી કોઈ પણ સાર્વજનિક સંસ્થાએ મૂડી એકઠી કરીને વ્યાજથી પોતાનો વહીવટ ચલાવવો અયોગ્ય છે. સાર્વજનિક સંસ્થાની મૂડી એ જનસમુદાય જ છે. જ્યાં સુધી તેઓ ઇચ્છે ત્યાં સુધી જ એવી સંસ્થાઓ નભવી જોઈએ. મૂડી એકઠી કરી વ્યાજ ઉપર કામ ચલાવનારી સંસ્થા સાર્વજનિક નથી રહેતી. જાહેર ટીકાના અંકુશને એ વશ નથી રહેતી. વ્યાજ ઉપર ચાલતી અનેક સંસ્થાઓમાં સડો પેસી ગયો છે. જાહેર સંસ્થા એટલે લોકોની મંજૂરી અને લોકોનાં નાણાંથી ચાલતી સંસ્થા. એ સંસ્થાને જ્યારે લોકોની મદદ ન મળે ત્યારે તેને હસ્તી ભોગવવાનો અધિકાર જ નથી. પ્રતિવર્ષ મળતો ફાળો તે તે સંસ્થાની લોકપ્રિયતાની અને તેના સંચાલકોની પ્રામાણિકતાની કસોટી છે, અને દરેક સંસ્થાએ એ કસોટી પર ચડવું જોઈએ.

※

**યજ્ઞ :** જગતમાં જે અસરખાપણું જણાય છે, દોલત અને કંગાલિયત દેખાય છે, તેનું કારણ એ છે કે આપણે જીવનનો કાયદો ભૂલી ગયા છીએ. એ કાયદો તે "બ્રેડ લેબર". 'ગીતા'ને આધારે હું એને યજ્ઞ કહું છું. 'ગીતા'એ કહ્યું છે કે યજ્ઞ કર્યા વિના ખાય તે ચોર છે, પાપી છે. "બ્રેડ લેબર"નો સીધો અર્થ એ છે કે જે મજૂરી ન કરે તેને ખાવાનો અધિકાર નથી. લોકો પરોપકાર કરવા મથી રહ્યા છે. પણ તેમ કરવાને બદલે જરાક જેટલું કામ કરે, એટલે કે બીજાના ખભા પરથી ઊતરી જાય, તો બસ છે. પરોપકાર કરીએ, પણ અમારા એશઆરામમાંથી લવલેશ ન છોડીએ, એમ કહેવું એ તો અખા ભગતે કહ્યું એના જેવું થયું : "એરણની ચોરી, સોયનું દાન."

યજ્ઞની શુદ્ધતામાં તેની સફળતા રહેલી છે એક જ શુદ્ધ આત્માએ ભક્તિપૂર્વક કરેલું અર્પણ કોઈ કાળે અફળ જાય નહિ. સ્વદેશયજ્ઞમાં અસંખ્ય હોમાયા છે, ને હોમાશે. એ જ યથાર્થ છે. કેમ કે કોઈ જાણતું નથી કે કોણ શુદ્ધ છે. પણ સત્યાગ્રહીઓમાં એક પણ શુદ્ધ હોય તો તેનો યજ્ઞ ફળ નિપજાવવાને સારુ બસ છે.

※

**યંત્ર :** જગતમાં જે અુત્પાતો થઅી રહ્યા છે તેનું કારણ મોટા પ્રમાણમાં માલ બનાવવાની ઘેલછા જ છે. જો બધા જ દેશો મોટા પ્રમાણમાં માલ પેદા કરવા માંડે, તો એ માલ ખપવા માટે દુનિયામાં પૂરાં બજાર પણ ન મળે. આજની અંધાધૂંધીનું શું કારણ ? ચૂસણનીતિ. યંત્રોને લીધે એક રાશ્ટ્ર બીજાં રાશ્ટ્રોને ચૂસી શકે છે. યંત્રોને પરિણામે લાખોની પીઠ અુપર ખોબા જેટલા લોકો સવાર થઅીને બેઠા છે અને તેમને રગડે છે. યુરોપનાં શહેરો, તેનાં રાક્ષસી કદનાં કારખાનાં ને ગંજાવર શસ્ત્રસરંજામ એ એકબીજાની સાથે એટલાં નિકટ રીતે સંકળાયેલાં છે કે એકના વિના બીજાની હસ્તી શક્ય નથી. અગાઅુ માણસોને મારીને ગુલામ કરતા; હાલ માણસોને ભોગની લાલચ આપીને ગુલામ બનાવે છે. માણસના શરીરને જેમ વધારે આપીએ તેમ વધારે માગે છે. વધારે લઅીને પણ સુખી નથી થતું; ભોગ ભોગવતાં ભોગની અિચ્છા વધતી જાય છે. તેથી પૂર્વજોએ હદ બાંધી, ભોગની વાસના છોડાવી. આપણને કંઅી સંચા વગેરે શોધતાં ન આવડે તેમ ન હતું; પણ આપણા પૂર્વજોએ જોયું કે સંચાની જંજાળમાં માણસો પડશે તો પછી ગુલામ જ બનશે ને પોતાની નીતિ તજશે. તેઓએ વિચારપૂર્વક કહ્યું કે આપણે હાથેપગે જે બને તે જ કરવું. હાથપગ વાપરવામાં જ ખરું સુખ છે. તેમાં જ તંદુરસ્તી છે.

⁂

**યંત્ર—2 :** યાંત્રિક સાધનોના બે વિભાગ પાડી શકાય : (1) માણસના કે પશુના સ્નાયુને કાંઅીક ઓછો શ્રમ પડે અને તેમનો થોડોક સમય બચાવે, એ દ્રશ્ટિને મુખ્યત્વે રાખીને જે યંત્રો યોજાયાં હોય — જેમ કે ગરેડી, ઘંટી, રેંટિયો, સાઅિકલ, સીવવાનો સંચો, ગાડી વગેરે; તથા તેમાં ઘર્શણાદિકના દોશો ઓછા કરવા માટે થતા સુધારા—જેવા કે છરા-વીંટી (બોલ-બેરિંગ) વાળી ધરીઓ, પાકા રસ્તા, રેલના પાટા વગેરે. આ પ્રકારનાં યાંત્રિક સાધનો સામાન્યપણે અિશ્ટ છે. (2) જે યંત્રો શ્રમ કરનાર મનુશ્ય કે પશુની અવેજી લેવા માટે [યોજાયાં હોય] જેમ કે આટો દળવાની મિલ, ડાંગર ખાંડવાના, તેલ પીલવાનાં, સાકર બનાવવાનાં કારખાનાં, સૂતર તથા કાપડની મિલ, આગગાડી અિત્યાદિ માલનાં વાહનો, ટ્રેક્ટર, પાણીના પંપ વગેરે. આ પ્રકારનાં યાંત્રિક સાધનોનો કોણે કેટલે અંશે અુપયોગ કરવો તે પર પ્રજાકીય સરકારનો અંકુશ હોવો જોઅીએ — જેમ શસ્ત્રો વગેરે પર હોય છે તેમ.

⁂

**રૈયત :** રૈયતવર્ગના પ્રત્યેક જણે પોતે બાંધેલા સ્વતંત્ર વિચાર રાજ્યતંત્રની અંદર રહીને અમલમાં મુકાતા નથી. રાજ્યાધિકારી જે પગલાં ભરે છે તે બધાં યોગ્ય જ હોય એમ બનતું નથી; તેમ છતાં જ્યાં સુધી રૈયતવર્ગ અમુક શાસનને કબૂલ કરે ત્યાં સુધી, તે શાસનનાં કાર્યોને સામાન્ય રીતે અનુકૂળ થવું અને તેમાં મદદ કરવી એ રૈયતવર્ગનો સ્પશ્ટ ધર્મ છે. જ્યારે પોતાના મૂળ હકને નુકસાન ન પહોંચતું હોય ત્યારે, ઉપરી સત્તાને અરજી કર્યા છતાં દાદ ન મળે તો સહન કરી લેવું એ રૈયતની ફરજ છે.

※

**વર્તમાનપત્ર :** છાપાનું કામ લોકોની લાગણી જાણવી અને તેને પ્રગટ કરવી એ એક છે. બીજું કામ લોકોમાં અમુક લાગણીઓ જરૂરની હોય તે પેદા કરવી એ છે. ને ત્રીજું કામ લોકોમાં એબ હોય તો તે બેધડક થઈ બતાવવી. જો છાપું કોમની સેવાને અર્થે ચાલતું હોય, તો તે સેવા જબરદસ્તીથી નહિ પણ કોમ ઇચ્છે તો જ થવી જોઈએ. અને કોમની ઇચ્છાનો ચોખ્ખો પુરાવો તો એ જ ગણાય કે કોમ ઘટતી સંખ્યામાં ઘરાક થઈ તેનું ખરચ ઉપાડી લે.

છાપાવાળાઓની, એટલે કે અમારી શું ફરજ છે ? જે ખરું છે તે જ કરવું, એવી અમારી ઇચ્છા છે. આપણા શત્રુઓ જ્યારે આપણું કાંઈ પણ ખોટું બોલશે ત્યારે અમે બચાવ પૂરી હિંમતથી કરશું; અને તેવી જ રીતે જ્યારે આપણામાં જ ખામી જોઈશું ત્યારે તે ખામી પણ ઉઘાડી કરી વગર બીકે દૂર કરવાને વીનવશું. કડવો ઘૂંટડો પાવો એ અમારી ફરજ છે. લોકસેવા કરતાં વખતે ભૂલ પણ કરીએ; એવું જેઓને જોવામાં આવે તેઓએ અમને બતાવવું, અને અમે તેઓનો ઉપકાર માનશું.

જેઓ ચૂંટણી કરે છે તેઓનું ધર્મપુસ્તક વર્તમાનપત્ર થઈ પડ્યાં છે. તેઓ તેમાંથી પોતાના વિચારો બાંધે છે. પત્રો અપ્રામાણિક છે. એક જ વાતને બે રૂપ આપે છે. એક છાપાવાળો એક આગેવાનને પ્રામાણિક ગણશે, બીજો તેને અપ્રામાણિક ગણશે. આવાં જે દેશમાં છાપાં છે, તે દેશના માણસો કેવા બેહાલ હોવા જોઈએ ? લોકો ઘડી ઘડીમાં વિચાર બદલાવે છે. ઘડિયાળના લોલકની માફક આમતેમ ફર્યા કરે છે; ઠેકાણાસર બેસી શકતા નથી.

વર્તમાનપત્ર એ ભારે શક્તિ છે. પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ

ગામનાં ગામે ડુબાવે છે ને પાકનો નાશ કરે છે, તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો તે નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે. આ વિચારસરણી સાચી હોય તો દુનિયાનાં કેટલાં વર્તમાનપત્રો નભી શકે ? પણ નકામાંને બંધ કોણ કરે ? કોણ કોને નકામું ગણે ? કામનું ને નકામું સાથે સાથે ચાલ્યાં જ કરવાનાં. તેમાંથી મનુશ્યે પોતાની પસંદગી કરવાની રહી.

※

**વાચન :** એકલાં વ્રતો પાળ્યે પાર નથી ઊતરી શકાતું. સતત કીર્તન ચાલે, ત્યારે વ્રતો ફળે. આપણે સદ્ગ્રંથોનું વાચન રાખવું. એમાંથી સંતસમાગમનો લાભ મળી રહેશે. મન તો છે જ એવું કે વારે વારે મોળું પડી જવાનું. પણ જો સારાં સારાં જીવનચરિત્રો આપણે વાંચતા રહીએ, તો બળ મળે. ભલે આપણી બુદ્ધિમાં બધી વાત ન ઊતરે, એનો મર્મ આપણને સૂઝે નહિ. છતાં સંતચરિતનું વાચન-મનન કરતા રહીએ તો કોક દિવસ અંતરમાં અજવાળું અનુભવાશે.

આપણને વાંચવાનો શોખ થાય તે સારું કહેવાય. પણ આપણામાં ઘણાં નકરું વાચન કરનારાં હોય છે. તે વાંચે છે, પણ વિચારતાં નથી — વાંચેલાનો અમલ તો શાને જ કરે ? તેથી, વાંચ્યું તેનો વિચાર કરવો. તેમાંથી મારે શું લેવું, શું ન લેવું, તે તપાસવું. થોડું વાંચવું તે વિચારવું, અને તેનો અમલ કરવો. અમલ કરતાં જે યોગ્ય ન લાગે તે રદ કરવું. આમ કરનાર ઓછા વાચનથી પોતાનો નિર્વાહ કરી શકે, તેનું બધું વાચન ફળશે.

※

**વાદવિવાદ :** હું ભાગ્યે જ કોઈ વ્યક્તિની ટીકામાં ઊતરું છું. એવી જાતની ટીકા મને મિથ્યા જણાઈ છે. ને તેમાંથી નકામો વાદવિવાદ ને કેટલીક વેળા દ્વેશ પણ ઉત્પન્ન થાય છે. હું હમેશાં બધાથી મને હારેલો માનું છું. મારો ધર્મ મારા વિચારો પ્રજા આગળ મૂકવાનો છે. દલીલથી જ લોકોને સમજાવવાનો આગ્રહ મને કોઈ કાળે નથી રહ્યો; ને ઘણી વેળા મેં જોયું છે કે અધૂરા માણસના અધૂરા વિચારને બિચારી અધૂરી ભાશા કેમ પૂરા જણાવી શકે ? વળી એવી અપૂર્ણતાની તરિપુટીમાં વાંચનારની ઉતાવળ ને વિરોધ હોય, તો તેની તુરત સમજવાની અશક્તિ ઉમેરો કરે. આવી સ્થિતિમાં થોડું કહી, કાર્યને

કાર્યનું કામ કરવા દેવું એ યોગ્ય હોય, આવી મારી માન્યતાને લીધે જ હું વાદવિવાદમાં ઊતરતો નથી.

⁂

**વિચાર :** આપણે વિચાર કરવા એટલું જ બસ નથી, પણ તે વિચાર બધાના હિતના હોય, માત્ર પોતાના સ્વાર્થના નહિ. નિશ્ચયપૂર્વક સેવેલો અને અંકુશમાં રાખેલો એકેએક વિચાર એક પ્રચંડ શક્તિ છે. જેટલાં કામ આપણે કરીએ છીએ તે વિચારપૂર્વક કરીએ તો ઘણો વખત બચે, અને કામમાં નિત્ય નવા રસ પેદા થાય. જેમ જેમ પોતાના કામમાં વિચાર પ્રવેશ કરે તેમ તેમ તે સુધરે, સહેલું થાય. સહુ જો પોતાની પ્રવૃત્તિ વિશે વિચાર કરે, તો પોતાની બુદ્ધિને ખીલવે છે, પોતાનું હૃદય વિશાળ ને શુદ્ધ કરે છે, કાર્યમાં કુશળતા મેળવે છે. તેને આનંદ થાય છે, થાક લાગતો નથી. તેને એક પણ કામ હલકું કે શુષ્ક લાગતું નથી.

⁂

**વિચાર—2 :** સત્યની શોધ કરતાં મને અનેક રત્નો મળ્યાં છે. તે મારે હિંદની પાસે મૂકવાં છે. જે વિચારો બતાવ્યા તે મારા છે, ને મારા નથી. તે મારા છે કેમ કે તે પ્રમાણે વર્તન કરવાની મારી અુમેદ છે. મારા નથી, કેમ કે તે મેં જ વિચાર્યા છે એમ નથી; તે કેટલાંક પુસ્તકો વાંચ્યા પછી બંધાયેલા છે. મનમાં જે અૂંડું જોતો હતો તેને પુસ્તકોએ ટેકો આપ્યો. અુદ્દેશ માત્ર દેશની સેવા કરવાનો ને સત્ય શોધવાનો ને તે પ્રમાણે વર્તવાનો છે. એટલે મારા વિચારો ખોટા નીવડે તો તેને પકડી રાખવાનો મને આગ્રહ નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. મેં જે અભિપ્રાયો બાંધ્યા છે તે છેવટના નથી. હું એ કાલે બદલું. તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જણાય ત્યારે એક જ વિશયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

⁂

**વિવેકશક્તિ :** ભલાઅી સાથે ગ્નાનનો સુયોગ સાધવો જોઈએ. કેવળ ભલાઅી ઝાઝી અુપયોગી નથી. માણસ પાસે સૂક્ષ્મ વિવેકશક્તિ હોવી જોઈએ. એ સારાસારવિવેક [તે] આધ્યાત્મિક હિંમત અને ચારિત્રનો સહોદર છે. કટોકટીને પ્રસંગે ક્યારે બોલવું ને ક્યારે મૌન સેવવું, ક્યારે પ્રવૃત્ત થવું અને ક્યારે ન થવું, એ માણસે જાણવું જોઈએ.

⁂

**વ્રત :** જે સર્વમાન્ય ધર્મ ગણાયો છે, પણ જે આચરવાની આપણને ટેવ નથી પડી, તેના પાલનને સારુ વ્રત લેવાની જરૂર પડે છે. જે સ્વભાવે નિરામિશાહારી છે તેને આમિશાહાર ન કરવાનું વ્રત લેવાપણું ન હોય. વ્રત એટલે અડગ નિશ્ચય. અગવડ સહન કરે છતાં તૂટે નહિ તે જ અડગ નિશ્ચય ગણાય. એવા નિશ્ચય વિના માણસ અુત્તરોત્તર ચડી જ ન શકે, એમ આખા જગતનો અનુભવ સાક્ષી પૂરે છે.

વ્રત બંધન નથી, પણ સ્વતંત્રતાનું દ્વાર છે. "હું પ્રયત્ન કરવામાં માનું છું, વ્રતથી બંધાવા નથી માગતો," એ વચન નિર્બળતાની નિશાની છે. જે વસ્તુ ત્યાજ્ય છે, તેનો સર્વથા ત્યાગ કરવામાં હાનિ કેમ હોઅી શકે ? જે સર્પ મને કરડવાનો છે, તેનો હું નિશ્ચયપૂર્વક ત્યાગ કરું છું — ત્યાગનો માત્ર પ્રયત્ન નથી કરતો. "બને ત્યાં સુધી" કરવું, એટલે પહેલી અગવડે પડી જવું. વેપારમાં "બને ત્યાં સુધી" અમુક તારીખે અમુક રકમ ભરવાની ચિઠ્ઠીનો ક્યાંયે હૂંડી રૂપે સ્વીકાર નહિ થાય. તેમજ બને ત્યાં લગી સત્ય પાળનારની હૂંડી અીશ્વરની દુકાને વટાવી નહિ શકાય.

અીશ્વર પોતે નિશ્ચયની, વ્રતની સંપૂર્ણ મૂર્તિ છે. એના કાયદામાંથી એક અણુ પણ ફરે, તો એ અીશ્વર મટે. સૂર્ય મહાવ્રતધારી છે. તેણે એવી શાખ પાડી છે કે તે હંમેશા અૂગ્યો છે ને હંમેશા અૂગ્યા કરશે, ને તેથી જ આપણે આપણને સુરક્ષિત માનીએ છીએ.

ગાયને બચાવવા સારુ અસત્ય બોલાય કે નહિ, સર્પ જેવાં પ્રાણીઓને મરાય કે નહિ, સ્ત્રી અુપર બળાત્કાર કરવા આવનાર અત્યાચારીને પશુબળથી વારી શકાય કે નહિ, એવા એવા તાર્કિક કોયડામાં પડીને વ્રતોની સાધના થઅી શકે નહિ. જો આપણે જીવનના સામાન્ય પ્રસંગોમાં વ્રતોની સાધના બરાબર કરી હશે, તો કઠણ અવસરોમાં આપણે જાતે શું કરવું એની ખબર એની મેળે પડી જશે.

⁂

**શરીર :** આ જગતમાં જન્મ પામીએ છીએ તે જગતનું લેણું ચૂકવવા સારુ, એટલે તેની સેવા કરવા સારુ. મનુશ્યે પોતાના શરીરનું એવી રીતે જતન કરવું જોઅીએ કે જેથી તે સેવાધર્મના પાલનમાં સંપૂર્ણ કામ આપી શકે. જેનું શરીર વ્યાધિરહિત છે, જે મનુશ્ય વગર થાક્યે રોજ દશબાર માઅીલ ચાલી શકે છે, સામાન્ય મજૂરી

કરી શકે છે, સામાન્ય ખોરાક પચાવી શકે છે, એનું શરીર સુખાકારી ભોગવે છે. અસાધારણ બળ બતાવનાર મલ્લ રોગગ્રસ્ત હોઈ શકે છે.

શરીર આહારને સારુ નથી, પણ આહાર શરીરને સારુ છે. કુદરતે જીવનશક્તિ બહોળા પ્રમાણમાં ન આપી હોત તો, મનુષ્ય જે છૂટો લે છે તેથી તેનો ક્યારનો લોપ થઈ ગયો હોત. નાશવંત શરીરનું આયુ વધારવા આપણે અનેક પ્રાણીઓનાં બલિદાન આપીએ છીએ; છતાં એક રોગને મટાડતાં, ઇંદ્રિયોના ભોગો ભોગવવા મથતાં, અનેક નવા રોગો ઉત્પન્ન કરીએ છીએ, ભોગો ભોગવવાની શક્તિ પણ છેવટે ખોઈ બેસીએ છીએ.

❊

**સત્તા :** પુરાણો અનુભવ એવો છે કે સારામાં સારા લોકોના હાથમાં પણ એકહથ્થુ સત્તા આપવામાં આવે તો તેમની માનવતા ઘટતી જાય છે. ભલભલી આપખુદ સરકાર પણ શાસિતોની સંમતિ વિના ટકી નહિ રહી શકે. પ્રજા આપખુદ સત્તાથી ડરતી બંધ થઈ જાય છે, તે જ ક્ષણે એ સત્તાની તાકાત ખતમ થઈ જાય છે. ગમે તેવી મોટી સત્તા આગળ માથું નમાવવાની દ્રઢતાપૂર્વક ના પાડવી, અને મનમાં કડવાશ રાખ્યા વિના એમ કરવું, એના કરતાં મોટી વીરતા જગતમાં બીજી નથી.

❊

**સત્ય :** ત્રાજવાના એક પલ્લામાં સત્યને મૂકો, ને બીજામાં યગ્નાદિ મૂકો; સત્યવાળું પલ્લુ સૌ યગ્નોવાળા પલ્લા કરતાં નીચું નમશે.

સામાન્ય વહેવારમાં અસત્ય ન બોલવું કે આચરવું એટલો જ સત્યનો અર્થ નથી. સત્યનો ઉપાસક પોતે કલ્પેલા દેશહિતને સારુ પણ અસત્ય નહિ બોલે, નહિ આચરે. યાદ રાખજો કે સત્ય અને અહિંસા મઠવાસી સંન્યાસીઓ માટે જ નથી. અદાલતો, ધારાસભાઓ અને બીજા વ્યવહારોમાં પણ એ સનાતન સિદ્ધાંતો લાગુ પડે છે.

પાખંડો એકાએક નહિ જાય ને બધા તે નહિ તજે, તેવી દહેશતથી તમારે ને મારે બેસી રહી તેનો ઉપયોગ વધારવાની જરૂર નથી. એક માણસ પણ તેનો ઉપયોગ ઓછો કરશે, તો બીજા તે પ્રમાણે કરતાં શીખશે. સત્ય ફેલાવવાની આ જ શૈલી છે. બીજી જગતમાં જોઈ નથી.

સાચું બોલનારે ને સાચું કરનારે ગાફેલ પણ ન રહેવું જોઈએ. સત્યના

પૂજારીએ મૌનનું સેવન કરવું ઘટે છે. જાણ્યેઅજાણ્યે પણ મનુશ્ય ઘણી વાર અતિશયોક્તિ કરે છે. આવાં સંકટોમાંથી બચવાને ખાતર પણ અલ્પભાશી થવું આવશ્યક છે. થોડું બોલનાર વગર વિચારે નહિ બોલે; પોતાના દરેક શબ્દને તોળશે.

❊

**સત્યાગ્રહ :** સત્યાગ્રહ એ શબ્દ માણસો પોતાના હક મેળવવા પોતે દુખ્ખ સહન કરે, તે રીતને લાગુ પાડવામાં આવેલો છે. દાખલા તરીકે, મને લાગુ પડતો અમુક કાયદો સરકારે કર્યો. તે મને પસંદ નથી. જો હું તે કાયદો કબૂલ જ ન કરું ને તેને લીધે પડતી સજા ભોગવી લઉં, તો મેં સત્યાગ્રહ વાપર્યો. સત્યાગ્રહથી લડતાં, લડત જો ખોટી હોય તો, માત્ર લડત લેનાર દુખ્ખ ભોગવે છે. એટલે પોતાની ભૂલની સજા પોતે અુઠાવે છે. એ સત્યાગ્રહની ચાવી છે.

વિનય સત્યાગ્રહનો કઠિનમાં કઠિન અંશ છે. વિનય એટલે માનપૂર્વક વચનુચ્ચારણ, એટલો જ અર્થ અહીં નથી. વિનય એટલે વિરોધી પ્રત્યે પણ મનમાં આદર, તેના હિતની અિચ્છા ને તે પ્રમાણે વર્તન. સત્યાગ્રહીની નમ્રતાને હદ નથી હોતી. તે સમજૂતીનો એક પણ અવસર જવા દેતો નથી. સહુને નમતો તે જગતનો મત કેળવે છે, ને તેને પોતાના કાર્ય તરફ આકર્શે છે.

સત્યાગ્રહી તરીકે કોઅીની સામે કંઅી પગલું ભરવું હોય તો પ્રથમ તેનું દ્રશ્ટિબિંદુ તેની પાસેથી જ સમજી લેવું, ને જ્યાં લગી તેને અનુકૂળ થવાતું હોય ત્યાં લગી અનુકૂળ થવું. સત્યાગ્રહમાં વિરોધીને દુખ્ખ દેવાનો ખ્યાલ સરખો પણ ન હોવો જોઅીએ. તેમાં તો દુખ્ખ વેઠીને વિરોધીને વશ કરવાનો જ ખ્યાલ હોવો જોઅીએ. સત્યાગ્રહમાં દુખ્ખ વહોરી લેવાપણું રહે છે જ; માટે જો અસહકાર કરનારને કશું જ વેઠવું પડે એમ ન હોય, તો એ અસહકાર સત્યાગ્રહી ન હોવાનો મોટે ભાગે સંભવ છે.

સત્યનો આગ્રહી રુઢિને વળગીને જ કંઅી ન કરે, તે પોતાના વિચારને હઠપૂર્વક ન વળગે, તેમાં દોશ હોવાનો સંભવ હંમેશા માને, અને તે દોશનું ગ્નાન થાય ત્યારે ગમે તેટલાં જોખમો ખેડીને પણ તેનો સ્વીકાર કરે ને પ્રાયશ્ચિત્ત પણ કરે.

❊

**સત્યાગ્રહ—2 :** મનુશ્ય ગમે તેટલો સ્વાર્થાંધ બનેલો હોય, અને ગમે તેવા કુટિલ અુપાયો યોજવાની એની તૈયારી હોય, છતાં એના હ્રદયમાં અૂંડે અૂંડે

સત્ય એ જ સર્વથી પર છે એવી પ્રતીતિ હોય છે, અને તેથી જ તેને [સત્યને] માટે આદર અને ભય પણ રહેલાં હોય છે જ. મનુશ્યમાત્રના હ્રદયમાં રહેલી સત્ય વિશેની આવી ગુપ્ત પ્રતીતિ, આદર અને ભય એ સત્યાગ્રહના શસ્ત્રનો પાયો છે. ખરેખરું દુખ્ખ, ખરેખરી રીતે વેઠાયેલું, પથ્થર જેવા હ્રદયને પણ પિગળાવી નાખે છે. તેમાં જ સત્યાગ્રહની ચાવી છે.

દરેક વખતે બંડ કરીને જ હકો મેળવવાની પદ્ધતિ સુવ્યવસ્થિત રાજતંત્રની અંદર ચાલી ન જ શકે. મતાધિકારનું બળ હોય તો સત્યાગ્રહને ઘણે ભાગે અવકાશ ન હોય. હું સમાજમાં રહેવા ઇચ્છું તો મારે મારી સંપૂર્ણ સ્વતંત્રતા પ્રથમ પંક્તિની બાબતો પૂરતી જ મર્યાદિત રાખવી રહી. પોતાના ધર્મ અથવા નીતિનિયમોમાંથી જ્યાં ચલિત થવાપણું ન હોય, એવી બીજી બધી બાબતોમાં માણસે વધુમતીને નમતું આપવું ઘટે.

※

**સત્યાગ્રહ—3 :** બળવાન વ્યક્તિ નિર્બળને પીડે, એવું આ અપૂર્ણ માનવસમાજમાં બન્યા જ કરવાનું. એવા દરેક ઝઘડામાં સત્યાગ્રહી વચ્ચે પડી શકે, એ શક્ય નથી. ત્યાં એણે પોતાની શક્તિ, મર્યાદા, અન્યાયનો પ્રકાર, ન્યાય મેળવવાનાં સર્વમાન્ય સાધનો વગેરેનો વિચાર કરવો રહ્યો. સત્યાગ્રહનું હજી સંપૂર્ણપણે ખેડાયેલું શાસ્ત્ર બન્યું નથી. આથી સર્વ પ્રકારના અધર્મો, અન્યાયો, કલહો વગેરેનું નિવારણ કરવાના તુરત અમલમાં મૂકી શકાય એવા ટુચકા [નુસખા] મેળવવાની કોઅી આશા ન રાખે. પરંતુ સત્ય અને અહિંસામાં એ શક્તિઓ રહેલી જ છે, એમ શ્રદ્ધા રાખી સત્યાગ્રહી એને ખોળવા પ્રયત્નશીલ રહે. અધર્મનો વિરોધ કરવા માટે સત્યાગ્રહનો યોગ્ય પ્રકાર ન સૂઝી આવે, ત્યાં સુધી સત્યાગ્રહી કશુંયે પગલું ભરવાની અુતાવળ નહિ કરે, પણ શાંતિથી પ્રજાની બીજી સેવા કરતો રહેશે.

એવાયે પ્રસંગો આવે કે જ્યારે સત્યાગ્રહીને હિંસામાં ઓછોવત્તો સક્રિય ભાગ પણ લેવો પડે. દાખલા તરીકે, ગુનેગારને સજા કરાવવી, યુદ્ધ જાગે ત્યારે પોતાના રાજ્યને મદદ કરવી, વગેરે. જે રાજ્યમાં પોતે રહે છે અને તેનું રક્ષણ મેળવે છે, તે રાજ્યને જો એ અહિંસાનો માર્ગ ન દેખાડી શકે, તો હિંસાનો કેવળ વિરોધ કરવાથી એ તે હિંસામાં ભાગીદાર બનતો અટકતો નથી.

※

**સવિનય ભંગ :** સવિનય કાનૂન ભંગ બે જાતનો થઈ શકે : (1) કોઈ ખાસ અન્યાયી હુકમ કે કાયદો રદ કરાવવા પૂરતો, અને (2) જેમાં નીતિનો બાધ ન આવતો હોય તેવા, અને તટસ્થ પ્રજાને અઘટિત અગવડ કર્યા સિવાય તોડી શકાય એવા, સર્વે કાયદાઓનો. માણસ ચોરી નથી કરતો, તે કાંઈ રાજ્યનો એવો કાયદો છે એટલા માટે જ નહિ—પણ એ અધર્મ છે એમ સમજીને. આથી સવિનય ભંગમાં એવા કાયદાઓ તોડી ન શકાય. ગાડી [રસ્તાની] ખોટી બાજુએ ન હંકારવી, મોડી રાત સુધી ઘોંઘાટ ન કરવો, વગેરે હુકમોનો ભંગ કરવાથી નિર્દોશ માણસોને અઘટિત અગવડ થાય. માટે એવા હુકમોનો પણ સવિનય ભંગ ન થઈ શકે. લોકોના જાનમાલને નુકસાન થાય એવી રીતે સવિનય ભંગની ચળવળ સ્વરૂપ લે, અને તેને પોતે રોકી શકે એમ નથી એમ લાગે, તો તરત જ સત્યાગ્રહી એ ચળવળને થોભાવી દેશે અને પોતાની સર્વ શક્તિ એવાં નુક્સાન ને પજવણી થતાં અટકાવવામાં ખરચશે.

છૂટક અન્યાયોને ગળી જવાથી આગેવાનોએ બતાવેલી ધીરજ પ્રજાને તાલીમ આપનારી નીવડે છે. જે આ રીતે, ભયથી નહિ પણ ઇરાદાપૂર્વક, અન્યાયોને સહન કરી જાણે છે તે જ પ્રસંગ આવતાં સવિનય ભંગ પણ સારી રીતે કરી શકે છે.

※

**સવિનય ભંગ—2** : કાયદાનો સવિનય ભંગ તે જ માણસોથી થઈ શકે, જેમણે કાયદાને વિનયપૂર્વક સ્વેચ્છાએ માન આપ્યું હોય. જેણે સમાજના નિયમોનું ઇરાદાપૂર્વક પાલન કર્યું છે, તેને જ સમાજના નિયમોની નીતિ-અનીતિનો ભેદ કરવાની શક્તિ આવે છે, ને તેને મર્યાદિત સંજોગોમાં અમુક નિયમોનો ભંગ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. જેમણે કાયદાઓને રોજ મનથી તોડ્યા હોય, જેઓ છૂપી રીતે ઘણીયે વાર કાયદાનો ભંગ કરતા હોય, તેઓ એકાએક સવિનય ભંગને કેમ ઓળખી શકે ? તેની મર્યાદા કેમ જાળવી શકે ? આવો અધિકાર લોકોએ પ્રાપ્ત કર્યા પહેલાં તેમને મેં સવિનય ભંગ કરવા નોતર્યા, એ મારી ભૂલ મને પહાડ જેવી લાગી.

※

**સહિશ્ણુતા :** બે મત એકબીજા જોડે મળતા જ આવે એનું નામ સહિશ્ણુતા નથી. સહિશ્ણુતા તો એનું નામ કે બે જણના મત પૂર્વ-પશ્ચિમ જેટલા નોખા

હોય તો પણ એકબીજાને નભાવી લે.

જ્યાં ઘણો સમુદાય એક રુઢિને વશ થઈને વર્તતો હોય, ત્યાં બીજા સમુદાયને રુઢિ અયોગ્ય લાગતી હોય, છતાં પહેલાની દર્શટિમાં મુદ્દલ દોશ ન હોય એ તદ્દન સંભવિત છે. એકને સારુ જે વિહીત હોય તે બીજાને સારુ નિશિદ્ધ હોય. એક કાળે કે એક દેશમાં જે વિહિત હોય, તે બીજે કાળે બીજા દેશમાં નિશિદ્ધ હોય. જે આપણે ન સમજી શકીએ તે ખોટું જ છે, એમ માનવાની અુતાવળ કરવી એ ભૂલ છે. જે કેટલુંક પૂર્વે ન સમજાતું એ આજે દીવા જેવું લાગે છે. દરેક માણસને થતું સત્યનું દર્શન પૂર્ણ સત્યને મુકાબલે તો ઓછુંવત્તું અધૂરું જ હોય છે. એક માણસને જે સત્ય લાગે તે બીજાને એટલું સત્ય ન પણ લાગે, એવું બને. તેથી સત્યની અુપાસના કરનારે બીજાઓ પ્રત્યે સહિશ્ણુતાની, નમ્રતાની વરુત્તિ રાખવી જોઈએ.

જ્યાં સુધી આપણામાંના કેટલાક પૂરેપૂરા નિર્દોશ હોવા છતાં, પોતાના પ્રાણ પાથરીને હિંદુસ્તાનની જનતાને આઘાત ન પહોંચાડે, ત્યાં સુધી આપણે પરસ્પર સહિશ્ણુતા રાખવાની કળા શીખી નહિ શકીએ.

※

**સંગીત :** આપણું એક સુભાશિત છે કે, જેને સંગીત પરિય ન હોય તે કાં તો યોગી હોય કે પછી પશુ હોય. આપણે યોગી તો નથી, પણ જેટલે અંશે સંગીતશૂન્ય છીએ તેટલે અંશે પશુસમાન ગણાઈએ. સંગીત જાણવું એટલે આપણું આખું જીવન સંગીતમય કરી મૂકવું. આપણું જીવન સુરીલું નથી, તેથી જ આપણી દશા દયામણી છે. જ્યાં પ્રજાનો એક સૂર ન નીકળતો હોય, જ્યાં બધા પોતપોતાના સૂર જુદા કાઢતા હોય, ત્યાં અરાજકતા કે કુરાજ્ય હોય. જ્યારે ક્રોડો માણસો એક સ્વરે ગાતાં થાય, જ્યારે એક પણ બેસૂરો અવાજ ન નીકળે, ત્યારે આપણા સામાજિક જીવનમાં સંગીત અૂતર્યું કહેવાય.

※

**સંપ :** આપણા લોક પર તકલીફો ગુજરે છે એનું કારણ તપાસીએ અને જોઈએ કે આવી સ્થિતિ થવામાં આપણી ખુદની કંઈ કસૂર છે કે નહિ. આપણા લોકના બધા ગુણ ભૂંસાઈ જાય છે તેનું કારણ એ કે આપણામાં સંપ નથી, એકમેક સાથે હળીમળી કામ કરી શકતા નથી, અને પોતપોતાની સમાલવામાં

બધાને નુકસાન થાય છે તે સમજતા નથી.

⁂

**સંસ્કૃતિ :** હું મારા ઘરને બધી બાજુથી દીવાલો વડે ઘેરી લેવા માગતો નથી, તેમ મારી બારીઓને બંધ કરી દેવા ઇચ્છતો નથી; હું તો ઇચ્છું છું કે તમામ દેશોની સંસ્કૃતિઓની હવા મારા ઘરની આજુબાજુ બને તેટલી છૂટથી ફૂંકાતી રહે. પરંતુ કોઈ પણ સંસ્કૃતિ મને મારી સંસ્કૃતિના પાયામાંથી ઉખાડી નાખે એ મને મંજૂર નથી.

⁂

**સાધન :** જેટલો સંબંધ બીજ અને ઝાડ વચ્ચે છે, તેટલો સાધન અને સાધ્ય વચ્ચે છે. મેલા સાધનથી મેલું જ સાધ્ય સિદ્ધ થવાનું. સૃષ્ટિનો નિયમ છે કે જે વસ્તુ જે સાધનથી મળે તે વસ્તુ તે જ સાધન વડે સાચવી શકાય. એટલે દંડથી મળેલી વસ્તુ દંડ જ સાચવે; સત્યથી મળેલી વસ્તુઓનો સંગ્રહ સત્ય વડે જ થઈ શકે.

⁂

**સારુંનરસું :** ઈશ્વરે સરજેલી હરેક સજીવ અને નિર્જીવ વસ્તુને પોતાની સારી તેમ જ નરસી બાજુ હોય છે. ડાહ્યો માણસ હંસની જેમ નીરક્ષીરન્યાયે બધી વસ્તુમાંથી સારું તત્ત્વ ગ્રહણ કરી ખરાબ છોડી દેશે. મનુષ્ય અને તેનું કામ એ બે નોખી વસ્તુ છે. સારાં કામ પ્રત્યે આદર અને નઠારાં પ્રત્યે તિરસ્કાર હોવો જ જોઈએ [પણ] સારાંનરસાં [બેઉ] કામ કરનાર પ્રત્યે હંમેશા આદર અથવા દયા હોવાં જોઈએ.

ખરાબ માણસો પોતાનો ખરાબો ઝપાટાથી ફેલાવી શકે છે. સારું હોય એ તો ગોકળગાયની જેમ ચાલે છે. સારું કરનારને સ્વાર્થ હોય નહિ. તે ઉતાવળ નહિ કરે. તે જાણે છે કે માણસની ઉપર સારાની છાપ પાડતાં જમાનો જોઈશે. નઠારું જ કૂદી શકે છે. ઘર બાંધવું મુશ્કેલ છે, પાડવું એ સહેલ છે.

⁂

**સુધારો :** અસંતોશ બહુ ઉપયોગી વસ્તુ છે. જ્યાં સુધી માણસ પોતાની ચાલુ સ્થિતિમાં રાજી રહે, ત્યાં સુધી તેને તેમાંથી નીકળવાનું સમજાવવું એ મુશ્કેલીની વાત છે. તેથી દરેક સુધારાની પૂર્વે અસંતોશ હોવો જ જોઈએ. ચાલુ ચીજનો અણગમો પેદા થાય ત્યારે જ તેને નાખી દેવાનું મન થાય.

લોકોની પાસે કંઈ પણ કામ કરાવવું હોય તો ધીરજ રાખવી જોઈએ. સુધારાની ગરજ રહી સુધારકને પોતાને; જે સમાજમાં તે સુધારો ઇચ્છે છે ત્યાંથી તો તેણે વિરોધની, તિરસ્કારની ને જાનના જોખમની પણ આશા રાખવી રહી. સુધારક જેને સુધારો માને તેને સમાજ કુધારો કાં ન માને ? અથવા તે તરફ અુદાસીન કાં ન રહે ? જેમ દિવસ જાય છે તેમ પ્રજા ઘડાય છે. પ્રજા કંઈ એક દહાડામાં થતી નથી.

⁂

**સુધારો—2 :** જેમ જેમ હું અવલોકન કરું છું, તેમ તેમ મને આધુનિક જીવન પ્રત્યે અસંતોશ વધતો જાય છે. ચામડી અુખેડતા, બાળતા, નાકકાન કાપતા, એ જંગલીપણું હતું. પણ આધુનિક જુલમ તો મોહજાળ છે, તેથી તે વધારે ખરાબી કરે છે. એક માણસના સ્વતંત્ર જુલમને પહોંચી શકાય. પણ લોકોને નામે લોકો અુપર જુલમ થાય, તેને પહોંચી વળવું બહુ મુશ્કેલ છે.

હિંદુસ્તાનની અત્યારે રાંકડી દશા છે. તે કહેતાં મારી આંખમાં પાણી આવે છે ને મારું ગળું સુકાય છે. હિંદુસ્તાન આજકાલના [પશ્ચિમના] "સુધારા" નીચે કચરાયેલું છે; તેની ઝડપ [ઝપટ]માં આવી ગયું છે. હિંદુસ્તાન ધર્મભ્રશ્ટ થતું ચાલ્યું છે; આપણે ઈશ્વરથી વિમુખ થતા જઈએ છીએ. શરીરનું સુખ કેમ મળે, એ જ સુધારો શોધે છે; એ જ તે આપવા મહેનત કરે છે. આ સુધારો [પશ્ચિમમાં] એટલે દર્જ્જે ફેલાયો છે કે ત્યાંના માણસો અર્ધગાંડા જેવા જોવામાં આવે છે. તેઓનામાં ખરું કૌવત નથી; પોતાનું જોર નશો કરી ટકાવી રાખે છે. આ સુધારો એવો છે કે સુધારાની હડફેટમાં આવેલા માણસો પોતે સળગાવેલા અગનિમાં બળી મરશે. પાખંડ તો બધા ધર્મમાં રહ્યો છે. પડછાયો દરેક વસ્તુ વિશે છે. તે પાખંડ છે એમ સહુ સમજે છે. પણ "સુધારા"ની ખૂબી એ છે કે માણસો સારું માનીને તેમાં ઝંપલાવે છે. "સુધારો" તો અુંદરની જેમ ફૂંકીને ફોલી ખાય છે. તેની અસર જ્યારે આપણે જાણીશું ત્યારે અગાઅુના વહેમો તે આપણને પ્રમાણમાં મીઠા લાગશે. આપણે તે વહેમોની સામે તો લડીશું જ; પણ તે લડત કંઈ ધર્મ ભૂલી જવાથી નથી લેવાવાની, પણ ખરી રીતે ધર્મ સંપાદન કરીને લેવાશે.

⁂

**સેવક :** પ્રજાના સેવકમાં નીચેના ગુણ હોવા જોઈએ : (1) એને સદ્વાણી

અને સદ્વર્તનમાં નિશ્ઠા હોવી જોઈએ. (2) એનો આર્થિક વ્યવહાર ચોખ્ખો હોવો જોઈએ.(3) એની ઉદ્યોગિતા પ્રજાને દાખલો બેસાડનારી થવી જોઈએ. (4) સમયપાલન એનામાં અવશ્ય હોવું જોઈએ. (5) એ જાતે સ્વચ્છ હોય, છતાં અસ્વચ્છ માણસો સાથે ભળતાં અને અસ્વચ્છતા હટાવવાનું કામ કરતાં એને સૂગ ન ચડવી જોઈએ. (6) ગ્રામસેવકે સંયમી અને વ્રતમય જીવન ગાળવું જોઈએ. પણ તેણે પોતાનાં વ્રતો ગામડાની પરિસ્થિતિનો વિચાર કરીને લેવાં જોઈએ; નહિ તો વ્રત પણ સ્વચ્છંદ થાય. દાખલા તરીકે, કોઈ ગ્રામસેવક ખાંડ છોડે અને દૂધમાં મધ માગે, ચા છોડે અને કોફીની અપેક્શા કરે, તો તે વ્રતો ઉપરના દોશોને પાત્ર થાય.

જાહેર સેવા કરવી એ ખાંડાની ધારે ચાલવા જેવું છે. જાહેર સેવક સ્તુતિ લેવાને તૈયાર થઈ જાય છે, તો નિંદાથી કેમ ભાગી શકે ? સેવાની આવડત કંઈ બિલાડીના ટોપની પેઠે ઊગી નીકળતી નથી. તેને સારું ઇચ્છા જોઈએ, ને પછી મહાવરો.

⁂

સ્ત્રી : જેને માટે પુરુશ જવાબદાર છે એવાં સઘળાં અનિશ્ટો પૈકી, માનવજાતના શ્રેશ્ઠતર અર્ધાંગનો તેણે કરેલો ગેરઉપયોગ સૌથી વધારે હીન અને પાશવી છે. પુરુશ સ્ત્રીજાતિને એક બાજુથી દબાવે છે, અગ્નાન રાખે છે, અવગણે છે, અને નિંદે છે. બીજી બાજુથી એને પોતાના ભોગોને ત્રુપ્ત કરનારું કેવળ સાધન ગણે છે; અને તે હેતુથી એને ઢીંગલીની જેમ સજે છે તથા તેની ખુશામત કરે છે, અને એ રીતે એની [સ્ત્રીની] ભોગવ્રુત્તિને ઉશ્કેરવાનો પ્રયત્ન કરે છે. આ બેઉ પ્રકારોથી સ્ત્રીજાતિનો જ નહિ, પણ [પુરુશનો] પોતાનો અને આખા સમાજનો અધ્પાત થાય છે.

સ્ત્રી, પુરુશના કરતાં વધારે શણગાર કેમ સજતી હશે ? મને કેટલીક બહેનોએ કહ્યું છે કે એ પુરુશને ખુશ કરવાને માટે જ આટલા બધા ઢોંગ કરે છે. પુરુશને ખુશ કરવાનો આ ધંધો છોડવો જોઈએ. જો હું સ્ત્રી હોત તો જરૂર સ્ત્રીને રમકડું માનનારા પુરુશની સામે બંડ કરત. પુરુશોની ગુલામી છોડો. પાઉડર અને તેલફૂલેલને તિલાંજલિ આપો. માણસ સ્ત્રીની કૂખમાંથી પાકેલો છે. માણસ સ્ત્રીને માતા તરીકે પૂજતો થાય એવી સ્થિત લાવી મૂકો.

⁂

**સ્વદેશાભિમાન** : મારા આઝાદ દેશ પાસેથી બીજા દેશો કંઈક શીખે, મારા દેશની સાધનસંપત્તિનો માનવજાતના લાભને અર્થે ઉપયોગ થઈ શકે, એટલા માટે હું મારા દેશને માટે સ્વતંત્રતા માગું છું. સ્વદેશાભિમાનનો સંપ્રદાય જેમ આજે આપણને શીખવે છે કે, વ્યક્તિએ કુટુંબ માટે, કુટુંબે ગામને માટે, ગામે દેશને માટે પોતાનું બલિદાન આપવું જોઈએ, તે જ રીતે દુનિયાના લાભને અર્થે જરૂર પડે તો દેશ પોતાનું બલિદાન આપે, એટલા માટે તે સ્વતંત્ર હોય એ જરૂરી છે.

મારું મિશન કેવળ હિંદની આઝાદી નથી. પરંતુ હિંદની આઝાદી મેળવીને તે દ્વારા માનવમાત્રની એકતા સિદ્ધ કરવાની હું આશા સેવું છું. મારું સ્વદેશાભિમાન સીમિત વસ્તુ નથી. બીજી પ્રજાઓના શોષણના પાયા પર પોતાનો ઉત્કર્ષ સાધવા તાકે, એવું સ્વદેશાભિમાન મને ન ખપે. સમગ્ર માનવજાતના વ્યાપક હિતની સાથે તે સુસંગત ન હોય, તો નકામું છે. એટલું જ નહિ, મારો ધર્મ તથા મારા ધર્મમાંથી ફલિત થતું મારું સ્વદેશાભિમાન જીવમાત્રને સ્પર્શે છે.

※

**સ્વદેશી** : સ્વદેશીનો ખરો અર્થ જાણનાર બાપના કૂવામાં બૂડી નહિ મરે. જે વસ્તુ સ્વદેશમાં ન બની શકે અથવા મહાકષ્ટથી જ બની શકે, તે પોતાના દેશમાં બનાવવા બેસવું, એમાં સ્વદેશીધર્મ નથી. સ્વદેશી એ સાંકડો ધર્મ નથી, પણ પ્રેમમાંથી ઉત્પન્ન થતો વિશાળ અને ઉદાર ધર્મ છે.

※

**સ્વરાજ** : મારે મન સ્વરાજ એટલે દેશના અલ્પમાં અલ્પ બંધુને માટે સ્વતંત્રતા. અંગ્રેજની ઝૂંસરીમાંથી જ હિંદુસ્તાનને બચાવવામાં મને રસ નથી. મારી તો હિંદુસ્તાનને કોઈ પણ ઝૂંસરીમાંથી બચાવવાની ટેક છે. ભૂત કાઢીને પલિત સ્થાપવાની મારી જરાયે ઇચ્છા નથી. એટલે જ મારે માટે તો સ્વરાજની પ્રવૃત્તિ એ આત્મશુદ્ધિની પ્રવૃત્તિ છે.

હિંદુસ્તાન સત્યને ભોગે સ્વરાજ મેળવે, તેના કરતાં તેનો નાશ થાય એ હું વધારે પસંદ કરું. સત્યને, એટલે ઈશ્વરને, છોડીને હિંદુસ્તાનનું ભલું નથી ચાહતો, કારણ મને વિશ્વાસ છે કે જે માણસ ઈશ્વરને ભૂલી શકે છે તે દેશને [પણ] ભૂલી શકે છે.

અંગ્રેજ સામે લડીને જ સ્વરાજ નથી આવવાનું. આપણી પડતીની

સ્થિતિનાં કારણો તપાસતાં જણાશે કે તેમાં સરકારના કરતાં આપણો હાથ વધારે છે. ગામના રસ્તા જુઓ — તમે પૂછશો કે એને ને સ્વરાજને શો સંબંધ ? હું કહું છું કે બહુ નિકટનો સંબંધ છે. શું આપણે જંગલી માણસોના જેવું સ્વરાજ જોઈએ છે કે અંગ્રેજો જાય પછી ગમે તેમ રહીએ, ગમે ત્યાં ગંદકી કરીએ ? લોકોમાં કામ કરવાનાં ઘણાં છે, કારણ કે આપણામાં સડો ઓછો ધોવાનો નથી. આપણામાં જે બાળવિવાહ છે, વિધવાઓ તરફ જે અમાનુશી વહેવાર છે, તે બધી બાબતોનો નિકાલ કર્યા વિના સ્વરાજ આવવાનું નથી. આ બધી મુશ્કેલીઓનો નિકાલ કરતાં આવડે, એનું જ નામ સ્વરાજ; સ્વરાજનો અર્થ જ પ્રજાપુરુશાર્થ છે.

છાતીમાં ગોળી ખાવી, એ હું એટલું કઠણ કામ નથી માનતો; પણ રોજેરોજ કામ કરવું, ક્શણે ક્શણે પોતા સાથે લડાઈ કરવી, પોતાની આત્મશુદ્ધિ કરવી, એ કઠણ કામ છે.

⁂

**સ્વરાજ—2 :** કેટલાક લોકો અધિકારની લગામ મેળવી લે તેથી નહિ, પણ બધા લોકોએ અધિકારના દુરુપયોગ સામે થવાની શક્તિ મેળવ્યાથી જ ખરું સ્વરાજ મળવાનું છે. રાજ્યાધિકારીઓ ઉપર પોતાનો અંકુશ રાખવાની શક્તિનું સામાન્ય વર્ગને પૂરેપૂરું ભાન કરાવવાથી સ્વરાજ મળી શકે તેમ છે.

સ્વરાજનો અર્થ છે સરકારના અંકુશમાંથી સ્વતંત્ર થવાનો સતત પ્રયાસ. પછી એ સરકાર પરદેશી હોય કે રાશ્ટ્રીય. જીવનની એકેએક બાબતના નિયમન માટે લોકો સરકાર તરફ જ તાકાતા રહે, તો એવી સરકાર દુખ્ખરૂપ જ બનશે.

⁂

**હિસાબ :** આપણે સમજણા થઈએ છીએ ત્યારથી જ ટ્રસ્ટી અથવા જવાબદાર બનીએ છીએ. માબાપની સાથે હોઈએ ત્યાં સુધી તેઓ જે કંઈ કામ કે પૈસા સોંપે તેનો હિસાબ આપણે તેઓને આપવો જ જોઈએ. વિશ્વાસ રાખી તે ન માગે, તેથી આપણે મુક્ત નથી થતા. આપણે સ્વતંત્ર રહીએ છીએ ત્યારે સ્ત્રીપુત્રાદિક પ્રત્યે આપણી જવાબદારી પેદા થાય છે. આપણી કમાણીના માલિક કેવળ આપણે જ નથી; તેઓ પણ ભાગીદાર છે. તેઓની ખાતર આપણે પાઈએ પાઈનો હિસાબ રાખવો જોઈએ. ત્યારે જાહેર જિંદગીમાં પડીએ પછીનું તો કહેવું જ શું ? સ્વયંસેવકોમાં એક આદત પડી જાય છે કે, કેમ

જાણે તેઓ પોતાના હાથમાં રહેલ કામ અથવા નાણાંનો વિગતવાર હિસાબ આપવાને બંધાયેલા જ નથી, કેમ કે તેઓ અવિશ્વાસને પાત્ર હોઈ જ ન શકે. આ ઘોર અગ્નાન જ ગણાય. હિસાબ રાખવાને અવિશ્વાસ કે વિશ્વાસની સાથે કંઈ જ સંબંધ નથી. હિસાબ રાખવો એ જ સ્વતંત્ર ધર્મ છે.

⁂

**હિંસા :** ચાહે તેટલા ઉમદા ધ્યેયને અર્થે વાપરવામાં આવેલાં દ્વેશ અને હિંસા કેવળ દ્વેશ અને હિંસા પેદા કરે છે. નિશ્શસ્ત્ર પ્રતિકારની પદ્ધતિ સૌથી વધુ સલામત છે; કેમ કે ધ્યેય સાચું ન હોય તો વેઠવાનું કેવળ એવો પ્રતિકાર કરનારાઓને જ હોય છે.

લોકસત્તા પણ જ્યાં હિંસાને બળે સ્થપાઈ હશે, ત્યાં તે અંતે નિશ્ફળ જ જવાની. ખૂન કરીને રાજ્ય ભોગવશે, તે પ્રજાને સુખી કરવાના નથી. આઝાદી અને લોકશાસનના હાથ જ્યારે નિરપરાધીઓના લોહીથી ખરડાયેલા હોય, ત્યારે એવાં આઝાદી અને લોકશાસન પણ નાપાક બની જાય છે.

આપણે વિદેશી રાજકર્તાઓ સામે હિંસા વાપરીએ તો તે પછીનું સ્વાભાવિક પગલું એ હશે કે આપણે જેમને દેશની પ્રગતિમાં બાધા નાખનારા ગણી શકીએ, એવા આપણા પોતાના લોકો પ્રત્યે પણ આપણે હિંસા આચરશું. આપણી પ્રગતિ રોકનારાં અનેક અનિશ્ટોમાંથી સમાજને મુક્ત કરવાને માટે જો આપણે હિંસાનો આશરો લઈએ, તો આપણે આપણી મુશ્કેલીઓમાં વધારો કરશું. સુધારાની આવશ્યકતા વિશે પ્રતીતિ ન થવાને કારણે જેઓ સુધારા માટે તૈયાર નથી એવા લોકો, તેમના ઉપર બળજબરી થતાં ગુસ્સાથી ગાંડા બનશે, અને વેર લેવા માટે વિદેશીઓની સહાય શોધશે.

⁂

**હિંસા—2 :** મનુશ્ય એક ક્શણ પણ બાહ્ય હિંસા વિના નથી જીવી શકતો. ખાતાંપીતાં, બેસતાંઊઠતાં બધી ક્રિયાઓમાં, ઇચ્છા-અનિચ્છાએ કંઈક હિંસા તે કર્યા જ કરે છે. કોઈ દેહધારી બાહ્ય હિંસાથી સર્વથા મુક્ત નહિ થઈ શકે. હું પ્રતિક્શણ હિંસા કરીને જ શરીરને નિભાવું છું, અને તેથી જ તેને વિશેનો રાગ ક્શીણ થતો જાય છે.

સમાજમાં રહેલો મનુશ્ય સમાજની હિંસામાં અનિચ્છાએ પણ ભાગીદાર બને છે. હું જીવમાત્રને પવિત્ર માનું છું. છતાં સર્પોના ઉપદ્રવમાંથી

આશ્રમવાસીઓને બચાવવાને સારુ તેને મારવા દઉં છું. પાક બચાવવા માટે વાંદરા પર હુમલો કરવા દોરવણી આપવાને હું અચકાઉં નહિ.

કોઈનું અપમાન કરવું, ખરાબ વસ્તુ તેને આપવી અને સારી પોતે લેવી, પોતાનું કામ ચોરી સાથી ઉપર તેનો બોજો નાખવો, મજૂર ઉપર વગર વિચાર્યે કામ લાદ્યા કરવું, વગેરે હિંસા છે. કુવિચાર માત્ર હિંસા છે. મિથ્યા ભાશણ હિંસા છે. જે જગતને જોઈએ તેનો કબજો રાખવો એ પણ હિંસા છે. પણ આપણે ખાઈએ છીએ તે જગતને જોઈએ છે. ત્યારે શું આત્મહત્યા કરીએ ? દેહ આપણો નથી, તે આપણને મળેલું સંપેતરું છે, એમ સમજી તેનો ઉપયોગ હોય તે કરી આપણો માર્ગ કાપીએ.

# સરળ લિપિ

ગુજરાતી લિપિનો એક મોટો ગુણ એ છે કે તેના દરેક અક્શરનો એક જ ચોક્કસ અુચ્ચાર થાય છે, અને દરેક અુચ્ચાર માટે તેમાં એક જ અક્શર નક્કી કરેલો છે. જગતભરમાં ફેલાયેલી રોમન જેવી લિપિમાં અુચ્ચારો વિશે કેટલી બધી અરાજકતા છે તે જાણીએ ત્યારે ગુજરાતી લિપિની આ વિશેશતાની આપણે બરાબર કદર કરી શકીએ છીએ.

પણ રોમન લિપિનો ગુણ એ છે કે તેમાં માત્ર 26 અક્શરો છે. એટલા અક્શર જેણે શીખી લીધા તે કોઈ પણ અંગ્રેજી પુસ્તક વાંચી શકે. ત્યારે ગુજરાતી લિપિમાં અક્શરોની સંખ્યા ઘણી મોટી છે. ( તે સંખ્યા આજે કેટલી છે, તે ભણેલા-ગણેલા લોકોમાંથી પણ બહુ થોડા કહી શકશે.) ગુજરાતી મૂળાક્શરોમાં અમુક સ્વર કહેવાય છે અને અમુક વ્યંજન. એ બે ભેગા કરીને દરેક વ્યંજનની બારાખડી બનાવેલી છે. મૂળાક્શરો અુપરાંત ગુજરાતીમાં અનેક જોડાક્શરો પણ આવે છે. એ રીતે મૂળાક્શરો, બારાખડી અને જોડાક્શરોના મળીને સેંકડો અટપટા આકારો થાય છે, તે બધા યાદ રાખીએ ત્યારે આપણે ગુજરાતી લખી-વાંચી શકીએ છીએ. નાનાં બાળકો અને અક્શરગ્નાન લેતાં પ્રૌઢોનાં મગજ અુપર તેનો બહુ મોટો બોજો રહે છે. તેથી જ વાંચતાં-લખતાં શીખવું તેમને અઘરું લાગે છે, અને જે કાંઈ તેઓ શીખે છે તે કાચું રહી જાય છે. તેની સામે રોમન લિપિનું કામ પેલા 26 અક્શરોથી જ ચાલે છે. ગુજરાતી શીખતાં બાળકના કરતાં અંગ્રેજી શીખનારનું કામ ઘણું સરળ થઈ જાય છે. ગુજરાતી ટાઅિપ-કામ કે છાપકામ પણ અંગ્રેજીના કરતાં ખૂબ અટપટું છે. (તેથી જ, ખુદ ગુજરાતમાં પણ, અંગ્રેજીના કરતાં ગુજરાતી પુસ્તકોનું છાપકામ વધુ મોંઘું થાય છે.)

આ રીતે વિચારતાં, ગુજરાતી લિપિ વાંચવા-લખવા-છાપવામાં સરળ બને તે માટે કેટલાક સીધા-સાદા ફેરફારો કરવા જેવા છે. તેનો પ્રયોગ આ પુસ્તકમાં કરેલો છે, જેથી હજારો વાચકો આ ફેરફારોથી પરિચિત થાય અને તેની અુપયોગિતા વિશે વિચાર કરી શકે. આ વિચાર કરતી વખતે આપણે નજર સામે એ લાખો બાળકો અને પ્રૌઢોને રાખવાનાં છે કે જેઓ

દર વરસે વાંચતાં-લખતાં શીખતાં જાય છે. એમનું કામ આ ફેરફારોથી કેટલું સરળ થઈ શકે તેમ છે એની કલ્પના આપણે કરવાની છે.

મૂળાક્શરો, બારાખડી અને જોડાક્શરોનાં મળીને જે સેંકડો રૂપો આજે ગુજરાતી લિપિમાં પ્રચલિત છે તે નીચેના ફેરફારોને પરિણામે લગભગ ચોથા ભાગના થઈ જશે, અને તેથી આપણી યાદશક્તિ પરનો કેટલોય બિનજરૂરી બોજો ઓછો થશે :

1. ગુજરાતી કક્કામાં નીચેના 32 મૂળાક્શરો જ રાખવા :

   અ ક ખ ગ ઘ ચ છ જ ઝ

   ટ ઠ ડ ઢ ણ ત થ દ ધ ન

   પ ફ બ ભ મ ય ર લ વ શ સ હ ળ

2. હાલના કક્કામાં જેનો સમાવેશ કરવામાં આવે છે તેવા નીચેના 11 મૂળાક્શરો રદ કરવા :

   ઇ ઈ ઉ ઊ ઋ અઃ ઙ ઞ ષ ક્ષ જ્ઞ

   (અિ અી અુ અૂ રુ અહ - - શ ક્શ ગ્ન)

3. અુપરના 32 મૂળાક્શરોની સાથે જોડવા માટે બારાખડીની આ 11 નિશાનીઓ વાપરવી :

   ા િ ી ુ ૂ ે ૈ ો ૌ ં ્

4. બે અક્શરો જોડવાના આવે ત્યારે તેમાંનો પહેલો અરધો અથવા ખોડો કરવો અને તેને માટે નીચેના બે જ નિયમોનો વગર-અપવાદે અમલ કરવો :

   (1) ખ ગ ઘ... વગેરે પાંખિયા (પાણ)વાળા અક્શરો જોડતી વખતે પાંખિયું કાઢી નાખવું : ખ્ ગ્ ઘ્ .... વગેરે.

   (2) પાંખિયા વગરના 12 અક્શરોને જોડતી વખતે તેની નીચે હલન્તચિહ્ન મૂકીને તેને ખોડા કરવા : ક્ છ્ જ્... વગેરે.

5. અત્યારના આંકડાને બદલે અંગ્રેજી આંકડા વાપરવા :

   1 2 3 4 5 6 7 8 9

# ગાંધીજી વિશે કેટલુંક વાચન

ગાંધીજી (જુગતરામ દવે) રૂ. 3
[1929માં પ્રથમ પ્રકાશન પછી કુલ એક લાખથી વધુ નકલો છપાઈ છે.]

ગાંધીબાપુ (કુદસિયા જૈદી : અનુ. જિતેન્દ્ર દેસાઈ) 2
[1963માં પ્રથમ પ્રકાશન પછી કુલ ત્રણ લાખથી વધુ નકલો છપાઈ છે.]

મારા ગાંધીબાપુ (ઉમાશંકર જોશી) 3

સત-પગલાં : (સં. પ્રભુદાસ ગાંધી, મહેન્દ્ર મેઘાણી) 4
[ગાંધી-સાલવારી.]

ગાંધીના ક-ખ-ગ : (સં. મહેન્દ્ર મેઘાણી) 4
[નમૂનારૂપ ગાંધી-વિચાર.]

ગાંધીજીનું જીવન : એમના જ શબ્દોમાં (સં. કૃષ્ણ કૃપાલાણી) 5

સંક્ષિપ્ત આત્મકથા (ગાંધીજી : સં. મથુરાદાસ ત્રિકમજી) 8
[પંચોતેર હજાર નકલો છપાઈ ચૂકી છે.]

સત્યના પ્રયોગો : આત્મકથા (ગાંધીજી) 12
[અઢી લાખ જેટલી નકલો છપાઈ ચૂકી છે.]

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ (ગાંધીજી) 15
[વીસ હજાર નકલો છપાઈ ચૂકી છે.]

હિંદ સ્વરાજ (ગાંધીજી) 5
[પાંત્રીસ હજારથી વધુ નકલો છપાઈ ચૂકી છે.]

આપણે સૌ એક પિતાનાં સંતાન (સં. કૃષ્ણ કૃપાલાણી) 25
[ગાંધીવચન-સંગ્રહ.]

THE STORY OF MY LIFE (Gandhiji :
Abridged & Simplified by Bharatan Kumarappa) 5

AN AUTOBIOGRAPHY : Abridged (Gandhiji) 8

ALL MEN ARE BROTHERS (Krishna Kripalani) 25
[Life and thoughts of Gandhi]

GANDHI : A LIFE (Krishna Kripalani) 24

AN AUTOBIOGRAPHY (Gandhiji) 2

Acc. No. 130321
Date

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

## દગાબાજ

ગાંધીજી એક વ્યક્તિ નહિ, વિચાર છે.

મહાપુરુશોના વિચારોને જ આપણે ગ્રહણ કરવા જોઈએ, એમના સ્થૂળ જીવનને ન ઝાલી રાખવું જોઈએ. એટલું જ નહિ, વચનોનો પણ જે અુત્તમ અર્થ થઈ શકતો હોય તે ગ્રહણ કરવો જોઈએ.

નવી પેઢીને ગાંધીજી વિશે પ્રત્યક્ષ કાંઈ જાણકારી નથી. તો આવી નવી પેઢીને ગાંધીજીનું દર્શન એમના વિચારો દ્વારા જ કરાવી શકશું ને ?

ગાંધીજીએ તપ કરીને શબ્દશક્તિની પ્રતિશ્ઠા વધારી. એમનું જીવન અુન્નત હતું. તેઓ પોતાના ગ્રંથો કરતાં વધુ મોટા હતા. તેમના ગ્રંથો કરતાંયે તેમના જીવનમાં અધિક પ્રતિભા હતી.

આજે વિગ્નાનયુગમાં પુરાણકાળનો મનુ અને એનો એ જૂનો માર્ક્સ નહિ ચાલે. અને ગાંધી પણ આજે એવો ને એવો નહિ ચાલે. ત્યારે એવો સવાલ થશે કે, શું તમે ગાંધીજીથી પણ વધી ગયા ? તો આપણામાં અત્યંત નમ્રતાથી એમ કહેવાની શક્તિ હોવી જોઈએ કે ગાંધીજીના જમાનાથી આપણે આગળ જ છીએ.

ગાંધીજી પોતે તો પરિસ્થિતિ અનુસાર નિરંતર બદલતા રહ્યા હતા, વિકસતા રહ્યા હતા. એ માણસ બિલકુલ "દગાબાજ" હતો ? કદી એકેય શબ્દને વળગી નહોતો રહેતો. આજે તે હોત તો કેવું વલણ લેત, તે કોઈ કહી ... પણ આજની પરિસ્થિતિ અનુસાર ... જોઈએ.

વિનોબા

Library IIAS, Shimla
GJ 891.474 G 151 M
00130321

SABARMATI ASHRAM
001930 Ahmedabad
GANDHINA KA.KHA.G
GUJ.
MRP : Rs. 4

રૂ. 4